નવેમ્બર ૨૦૨૩

# દાદાવાણી

છૂટક પ્રતની ₹ ૨૦



## અમરેલીમાં

## પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૬મો જન્મજયંતી મહોત્સવ

તા. ૨૨ થી ૨૬ નવેમ્બર ૨૦૨૩

## અડાલજ : પર્યુષણ પારાયણ : તા. ૧૨ થી ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૩




## પૂજ્યશ્રી દીપકભાઈનો દુબઈ - કેન્યા સત્સંગ પ્રવાસ

### દુબઈ : શિબિર - સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૩



વર્ષ : ૨૯, અંક : ૩
સળંગ અંક : ૩૩૯
**નવેમ્બર ૨૦૨૩**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2023
Dada Bhagwan Foundation.
All Rights Reserved.
**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
Owned by & Published at
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Printed at**
**Amba Multiprint**
Opp. H B Kapadiya New High School, At- Chhatral, Tal: Kalol, Dist. Gandhinagar–382729.

**સંપર્ક સૂત્ર :**
અડાલજ ત્રિમંદિર, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન : 9328661166-77**
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
**ભારત : ૧૦૦૦ રૂપિયા**
**વાર્ષિક સભ્ય**
**ભારત : ૨૦૦ રૂપિયા**
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## પ્રત્યક્ષ દાદા ભગવાનની અનન્ય કીર્તનભક્તિ

### સંપાદકીય

અક્રમ માર્ગમાં પોતાનો આત્મા જાણ્યા પછી ભક્તિ પોતાના સ્વરૂપની જ કરવાની હોય છે, તે જ મોક્ષની ભક્તિ છે ! જ્યાં સુધી તમારો આત્મા સંપૂર્ણ વ્યક્ત નથી થયો, ત્યાં સુધી 'જ્ઞાની પુરુષ' એ જ તમારો આત્મા છે. 'જ્ઞાની પુરુષ'ની ભક્તિ એ પોતાના આત્માની જ ભક્તિ છે. જ્ઞાની પુરુષ એ દેહધારી પરમાત્મા છે. હવે એમનામાં પ્રગટ થયેલો આત્મા એટલે દાદા ભગવાન, એમના અસીમ જય જયકાર બોલીએ એ કીર્તનભક્તિ છે.

પરમ પૂજ્ય દાદાશ્રી હંમેશાં કહેતા કે આ જે દેખાય છે એ તો 'એ.એમ.પટેલ' છે, અને જે મહીં દાદા ભગવાન પ્રગટ થયા છે એ ખુદ ચૌદ લોકના નાથ છે. એ અંદર ૩૬૦ ડિગ્રીએ સંપૂર્ણ દશામાં છે અને હું ૩૫૬ ડિગ્રીએ જ્ઞાની પુરુષ છું. અહીં તો તમે જેવા ભક્ત છો એવો હું પણ ભક્ત છું. તમારી મહીં એ જ દાદા ભગવાન છે, તમે આ દાદા ભગવાનના અસીમ જય જયકારની કીર્તનભક્તિ કરો એટલા તમારી મહીંવાળા ભગવાન પ્રગટ થતા જાય. 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલે ને, તો એ પ્રત્યક્ષ પરમાત્માની કીર્તનભક્તિ છે. પોતાને તે રૂપ થવા માટે આ પ્રત્યક્ષ દાદા ભગવાનની સીધી-ડિરેક્ટ કીર્તનભક્તિ છે.

પ્રસ્તુત અંકમાં દાદા ભગવાનની કીર્તનભક્તિ પર વિશેષરૂપે છણાવટ થઈ છે. કીર્તનભક્તિ કોને કહેવાય, કોની ભક્તિ કરવી, એ કરવા પાછળનો આશય, કેવી રીતે કરવી, એની ફળ પ્રાપ્તિ શી વિગેરે. અનંત અવતારથી જે હૃદયમાં ઘા પડ્યા છે, એ ઘા રૂઝવવાનો કોઈ રસ્તો જ નથી. આ એક જ વાક્ય 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલ્યા કે મહીં ઘા રૂઝાયા કરે બધા. આનાથી તો આત્માના આનંદની શરૂઆત થાય. એક કલાક કીર્તનભક્તિ થાય ત્યાં દાદા ભગવાનના દર્શનેય થાય, અને જે માગે તે મળે એવું છે. પણ ભૌતિક ના માગશો. ભૌતિકનું પરિણામ રખડી મરવાનું આવશે. એમની પાસે તો કાયમનું આત્માનું શાશ્વત સુખ ખોળજો.

આ પુસ્તકો, આપ્તવાણી બહાર પડશે તો લોકો વાંચશે અને જાણશે કે આ દાદા કંઈક અજાયબ છે ! આ જગતમાં કીર્તન કરવા જેવા પુરુષ પાકતા જ નથી. અને જો એમનું કીર્તન કર્યું તો તો કલ્યાણ થઈ ગયું. કીર્તન એટલે તો એ કરતા દાદા દાદા થઈ જાય, દાદાનો રંગ લાગી જાય. આ તો અક્રમ વિજ્ઞાન છે. એટલે 'દાદા'ની અનન્ય ભક્તિ એની મેળે રહે છે, નહીં તો અનન્ય ભક્તિ આ કાળમાં હોય નહીં ને ! આ દાદા ભગવાન એ સર્વશ્રેષ્ઠ સંપૂર્ણ શુદ્ધ અવતાર ! આપણે એમના કીર્તન ગાઈએ તો એની શક્તિ ઉત્પન્ન થાય એવો નિયમ છે. જેની આપણે ભક્તિ કરીએ, તે રૂપ આપણે થતા જઈએ.

**જય સચ્ચિદાનંદ.**

# પ્રત્યક્ષ દાદા ભગવાનની અનન્ય કીર્તનભક્તિ

## ભક્તિની સમજ, જ્ઞાનીની દૃષ્ટિએ

**પ્રશ્નકર્તા :** એવું કહેવાય છે કે ભક્તિ એ સર્વોત્તમ માર્ગ છે અને એ મોક્ષ કરી દે એવી વસ્તુ છે, તો એ કઈ ભક્તિ ?

**દાદાશ્રી :** એવું છે ને, ભક્તિ તો જ્યાં સુધી આત્મા પ્રાપ્ત ના થાય, સમકિત ના થાય, ત્યાં સુધી મોક્ષની ભક્તિ થતી નથી. સમકિત થયા પછી, આત્મા પ્રાપ્ત થયા પછી જે ભક્તિ થાય તે બધી મોક્ષની ભક્તિ ! પછી આત્માના જ ગાણા ગાય ને ! કીર્તન બધું આત્માનું જ કરે ને ! દેહના કીર્તન બંધ થઈ જાય, ગુરુના કીર્તન બંધ થઈ જાય, બીજા બધા કીર્તન બંધ થઈ જાય. કારણ કે એ બધું પુદ્ગલ છે. આત્માનું જ કીર્તન હોવું જોઈએ.

એટલે અજ્ઞાન ભક્તિ ક્યાં સુધી છે ? જ્યાં સુધી આત્મદર્શન ના થાય ત્યાં સુધી બધી અજ્ઞાન ભક્તિ કહેવાય.

**પ્રશ્નકર્તા :** પણ એ બંધનકર્તા તો ખરું જ ને, મોક્ષમાર્ગને માટે ?

**દાદાશ્રી :** બધું જ બંધન ! બંધન એટલે ભક્તિ કરે એ પુણ્ય આપે અને ભક્તિના વિરુદ્ધ કરે તે પાપ આપે. મોક્ષમાર્ગે ચઢ્યા પછી તો પુણ્ય અને પાપ બેઉ રહે નહીં. ત્યાર પછીની ખરી ભક્તિ ત્યાં આગળ થાય. ખરી ભક્તિ તો કોનું નામ કહેવાય કે જેની ભજના કરીએ તે ભજના ખૂટે નહીં. અવિરત ભજના એ ખરી ભક્તિ કહેવાય, અને એ ભક્તિ મોક્ષ આપે.

આપણા લોકો ભક્તિને લૌકિકમાં લઈ જાય છે. ભજનને ભક્તિ કહે છે. ભક્તિ, જ્ઞાન વગર હોય નહીં. ભક્તિ તે રૂપ બનાવે, જેની ભક્તિ કરો તે રૂપ ! 'જ્ઞાન' વગરની ભક્તિ એ સંસારમાં ભૌતિક સુખો આપનારી છે ને 'જ્ઞાન' સહિતની ભક્તિ એ 'જ્ઞાન' કહેવાય, એ મોક્ષફળ આપે.

## અક્રમમાર્ગે પરાભક્તિ

**પ્રશ્નકર્તા :** ભક્તિમાર્ગથી મોક્ષ છે કે જ્ઞાનમાર્ગથી મોક્ષ છે ?

**દાદાશ્રી :** ભક્તિમાર્ગ તમે શું સમજ્યા ? જ્ઞાનમાર્ગ શરૂ થયા પછી ભક્તિ આવે છે. આ સ્ટેશનનો રસ્તો દેખાડે પછી તમે ચાલો ને ? રસ્તાનું જ્ઞાન થયા પછી એ રસ્તે ચાલવું એ ભક્તિ છે. ભક્તિ શબ્દનો ખરો અર્થ શું છે ? એ શબ્દની મહીં આશ્રય સમાઈ જાય છે. આ બધાને જ્ઞાન આપ્યું છે તે બધા ભક્તિમાર્ગમાંય છે. જેનો આશ્રય લીધો તેની ભક્તિ કરવાની.

**પ્રશ્નકર્તા :** એટલે ભક્તિમાર્ગેય અક્રમ માર્ગમાં છે ?

**દાદાશ્રી :** 'આ' પરાભક્તિ છે. અક્રમમાર્ગમાં આત્મા પ્રાપ્ત કરી લીધા પછી જે ભક્તિ કરે છે તે પોતે પોતાની જ ભક્તિ કરે છે. આ (ફૂલની) માળા બનાવે છે તેય પોતાની ભક્તિ કરે છે, પછી ભલે એ માળા અમને ચઢાવે !

'જ્ઞાની પુરુષ'ની ભક્તિ એ પોતાના આત્માની જ ભક્તિ છે. જ્યાં સુધી તમારો સંપૂર્ણ આત્મા વ્યક્ત નથી થયો ત્યાં સુધી 'જ્ઞાની પુરુષ' એ જ તમારો આત્મા છે. 'જ્ઞાની પુરુષ' શલ્ય રહિત હોય. પોતે પ્રસન્ન ચિત્તવાળા હોવાથી સામાને એ પ્રસન્ન ચિત્તના દર્શન કરવાથી જ એને આનંદ પ્રગટે. 'જ્ઞાની'ના દર્શન માત્રથી અનેક અવતારોના પાપો ભસ્મીભૂત થઈ જાય !

આખું જગત ભક્તિ ખોળી રહ્યું છે, એ

અપરાભક્તિ છે. જે ભક્તિમાં સહેજેય બુદ્ધિનો પ્રવેશ હોય નહીં એ મોક્ષની ભક્તિ કહેવાય. ભક્તિ મોક્ષની હોવી જોઈએ. બુદ્ધિનો પ્રવેશ થાય તો એ અપરાભક્તિ થાય. બુદ્ધિ બહાર નીકળી ગઈ તો પરાભક્તિ. 'અહીં' આખો દહાડો ચાલે છે એ પરાભક્તિ છે. પરાભક્તિનું ફળ મોક્ષ. આપણો તો આ મોક્ષમાર્ગ છે.

જ્યાં મોક્ષમાર્ગ નથી, ત્યાં સંસારમાર્ગ છે. જે ભક્તિમાં બુદ્ધિ આવે ત્યારે તે 'ઈમોશનલ' રાખે, 'હું'પણાનું ભાન કરાવડાવે, 'રિલેટિવ' સ્વરૂપનું ભાન કરાવડાવે, 'હું ચંદુલાલ છું, હું લોખંડનો મોટો વેપારી છું' એવું ભાન કરાવડાવે. બુદ્ધિ પરાભક્તિ થવા ના દે. અહીં તો જ્ઞાન આપ્યા પછી પરાભક્તિ જ હોય. પરાભક્તિ તો કોને કહેવાય કે જે આત્મા માટે કરવામાં આવે, શુદ્ધાત્મા માટે, આત્મહેતુ માટે કરવામાં આવે તે. આત્મહેતુ માટે જાગે તે નીંદર કહેવાય. આત્મહેતુ માટે ખાય તે અનશન અને આત્મહેતુ માટે ભક્તિ કરે તે પરાભક્તિ.

ભક્તિ એટલે અત્યારે અહીં આ મહાત્માઓ 'જ્ઞાની પુરુષ'ની ભક્તિ કરે છે તે, એટલે શું કે 'જ્ઞાની પુરુષ' તરફ 'પરમ વિનય'માં રહે, એમનો રાજીપો મેળવવો એનું નામ ભક્તિ.

અહીંયા આ બધા અત્યારે મુક્તિ ખોળતા નથી, બસ 'જ્ઞાની પુરુષ'ની ભક્તિ જ કરવી એવું લાગે છે એમને. મુક્તિ તો એમને અમે કલાકમાં જ આપી દીધી છે.

મુક્તિ તો અપાઈ ગઈ છે, તો હવે શું રહ્યું ? ભક્તિ રહી. આ 'અક્રમ માર્ગ' છે, જગતનો 'ક્રમિક માર્ગ' છે. ક્રમિક માર્ગ એટલે પહેલી ભક્તિ, પછી મુક્તિ અને 'આ' અક્રમ માર્ગમાં પહેલી મુક્તિ, પછી ભક્તિ ! અત્યારે તો મુક્તિ લીધા વગર ભક્તિ કરવા આ લોકો જાય તો ભક્તિ રહે જ નહીં ને ! મહીં હજારો જાતની ચિંતા, ઉપાધિ રહેતી હોય, તે પછી કેમની ભક્તિ રહે ? ને મુક્તિ પહેલા લીધી હોય, તે નિરાંતે બેઠા છે ને અહીં આ બધા બેઠા તેમ બેસવાનું હોય ! આ બધા નિરાંત (પલોઠી) વાળીને આમ શાથી બેઠા છે, જાણે અહીંથી ઊઠવાનું જ ના હોય તેમ ? મુક્તિ છે એમની પાસે તેથી !

ભક્તિથી આવરણ તૂટી જાય ને વધારે દેખાય. પોતે 'ભક્તિ કોની કરે છે' એના પર આધાર છે. ચેતન પ્રાપ્ત કરેલા પુરુષની-'જ્ઞાની પુરુષ'ની ભક્તિ કરવાથી ચેતન પ્રાપ્ત થાય. ચેતનની ભક્તિ એટલે ચેતન પ્રાપ્ત થયા પછી જ ચેતનની ભક્તિ થાય.

## ભક્તિ : ક્રમિકમાં - અક્રમમાં

**પ્રશ્નકર્તા :** અક્રમ માર્ગમાં ભક્તિનું સ્થાન ક્યાં આવે ?

**દાદાશ્રી :** અક્રમ માર્ગમાં પોતાનો આત્મા જાણ્યા પછી, આત્મસ્વરૂપની સભાનતા ઉત્પન્ન થયા પછી, ભક્તિ પોતાના સ્વરૂપની જ હોય છે. જેને રમણતા કહે છે. અને બીજા લોકોને સમજવું હોય તો ભક્તિ પણ કહેવાય છે. એટલે પોતાના સ્વરૂપની રમણતા અગર ભક્તિ કહો, તે પોતાના સ્વરૂપની જ છે.

**પ્રશ્નકર્તા :** એટલે સ્વરૂપની રમણતા એ જ સ્વરૂપની ભક્તિ ને ?

**દાદાશ્રી :** હા, એટલે ભક્તિ શબ્દ કહેવો હોય તો સ્વરૂપની ભક્તિ કહેવાય, નહીં તો પોતે પોતાની રમણતા જ છે. પુરુષ થયા પછી બીજું અવલંબન ના રહ્યું ને !

**પ્રશ્નકર્તા :** પુરુષ થયા પછી ભક્તિનું સ્વરૂપ કેવું ?

**દાદાશ્રી :** પુરુષ થયા પછી પોતે પોતાની રમણતા છે. બીજી કશીય રમણતા, ભક્તિ છે જ નહીં.

**પ્રશ્નકર્તા :** એટલે ક્રમિક માર્ગમાં પહેલા ભક્તિ અને પછી મુક્તિ, અને અક્રમમાં પહેલી મુક્તિ અને પછી ભક્તિ ?

**દાદાશ્રી :** એવું છે, પહેલા અમે ક્રમિક માર્ગ કાઢ્યો હતો. બધા સાંભળવા આવતા હતા ને, તે બધા એમનો ટાઈમ બગાડીને તગારા-પાવડા એના ઘરના લઈને પાયા ખોદતા હતા. પણ પેલી પાછી ઘરની ચિંતા-ઉપાધિ હોય ને, તે ડંખ્યા કરે કે ના ડંખ્યા કરે ? હવે એ ચિંતા-ઉપાધિમાં પાયા ખોદે તો એમાં શું ભલીવાર આવે ? તે પછી બે-ચાર દહાડા પછી ના આવે પાછા. આ આમના જેવા બે-ચાર જણ આવ્યા કરતા હતા. બીજા ફરી પાછા આવે નહીં. આટલી બધી ઉપાધિમાં શી રીતે માણસ આવે ? એટલે એ ક્રમિક માર્ગની ભક્તિ ! પહેલી એ ભક્તિ કરો ને પછી મુક્તિ થાય. પણ શેની ભક્તિ ? જ્ઞાનભક્તિ તેમાં તો જ્ઞાનીની ભક્તિ, જ્ઞાનની ભક્તિ, ભગવાનની ભક્તિ, એ બધું કરો, ત્યાર પછી મુક્તિ થાય.

અને આ અક્રમમાં પહેલી મુક્તિ, એટલે શું કે ચિંતા પહેલા બંધ થઈ જાય. પછી હવે તમારી મેળે બધું અમારી આજ્ઞા પ્રમાણે કર્યા કરો. ચિંતા હોય ત્યાં સુધી માણસ કશું જ કરી શકે નહીં. તમને અનુભવમાં આવી ગઈ ને, વાત ? અને ચિંતા બંધ થઈ જાય અને એ બધું આર્તધ્યાન-રૌદ્રધ્યાન બંધ થઈ જાય, એટલે સ્થિરતા રહે. એટલે બધું જ કરી શકે. ચિંતા હોય તો સ્થિરતા ના રહે, એના કોઈ કાર્ય થાય નહીં. આનાથી પહેલા સ્થિરતા રહે અને પછી કાર્ય થાય.

**પ્રશ્નકર્તા :** પછી સંસારમાં રહીને પણ ભક્તિ કરી શકે ને ?

**દાદાશ્રી :** હા, સંસારમાં રહીને ભક્તિ કરી શકે, ભક્તિ સારી કરી શકે. તમારે એવી ભક્તિ કરવી હોય તો દેખાડું હઉ તમને બધું, શું શું કરવાનું તે. એટલે અહીં આવો તો તમને ભગવાનની ભક્તિ દેખાડીએ. કેવી રીતે ભક્તિ કરવાની, શું ધ્યાન કરવાનું, તે બધું દેખાડીએ. એ બતાવીએ છીએ ત્યારે તો 'આ' બધાને આટલી બધી શક્તિ ઉત્પન્ન થાય છે. એટલે પછી મરવાનો ભય ન રહે, ભગવાન ઉપરીયે રહે નહીં. ભગવાન આખો દહાડો એમની જોડે વાતચીત કર્યા કરે.

## કીર્તનભક્તિ બનાવે તદ્રૂપ

**પ્રશ્નકર્તા :** નવ પ્રકારની ભક્તિનું વર્ણન કર્યું છે, તો અક્રમ વિજ્ઞાનમાં કયા પ્રકારની ભક્તિ છે ?

**દાદાશ્રી :** બધાય પ્રકારની ભક્તિ, એ નવધા ભક્તિ આમાં આવી જાય. તેમાં અમુક બે-ત્રણ પ્રકારની ભક્તિ વધારે રહેવાની. કીર્તનભક્તિ, પછી સખા ભક્તિ, અને પછી દાસ ભક્તિયે રહેવાની. આ ત્રણ-ચાર ભક્તિ આમાં બહુ રહેવાની.

હવે નવધાભક્તિ તો ભગવાન મળે તો જ થાય. ભગવાન હાજર હોય તો નવધાભક્તિ થાય. એટલે નવધાભક્તિ કોની હોય ? કૃષ્ણ જેવો પુરુષ હાજર હોય તો એની નવધાભક્તિ હોય. એમાં સખા ભક્તિ હોય, દાસ ભક્તિ હોય. અમારી દાસ ભક્તિ આ બધા કરે છે, પણ અમારી સખા ભક્તિ તો કો'ક કરે વખતે. પણ અમારી કીર્તનભક્તિ બધા બહુ કરે છે. અમારી કીર્તનભક્તિથી બહુ લાભ થાય એવો છે.

જેનું તમે કીર્તન કરો ને, તેની શક્તિ ઉત્પન્ન થાય એવો નિયમ છે. આ દાદા ભગવાન એ સર્વશ્રેષ્ઠ સંપૂર્ણ શુદ્ધ અવતાર ! હવે એમના કીર્તન ગાય તો શું દશા થાય ? પોતે તે રૂપ થાય.

કીર્તનભક્તિનો અર્થ શું ? જેની તમે ભક્તિ કરો એ રૂપ તમે થતા જાવ.

એવી રીતે આ સંસાર વ્યવહારમાંયે તમે જેના કીર્તન ગાવ ને, તે રૂપ તમે થાવ. કોઈ માણસનું થોડું કીર્તન ગાય ને, તો એમનામાં જે શક્તિઓ છે તે આપણામાં ઉત્પન્ન થાય. કોઈ સટોડિયો માણસ હોય ને તમે કહો કે 'આ માણસ બહુ હોશિયાર છે ને આમ છે, તેમ છે' તો તમારામાં એ ગુણ ઉત્પન્ન થાય અને કોઈ ધર્મિષ્ઠ માણસ હોય તેનું કીર્તન કરો તો તે રૂપ તમે થાવ, બસ ! આ નિયમ છે બધા.

એટલે આ કીર્તનભક્તિ એક એવી છે કે કશું જ ના કરે તોય ચાલે. દાદાની કીર્તનભક્તિ કરે અને 'દાદાનું ગા ગા કર્યા કરે ને, કે 'અમારા દાદા આવા છે ને આવા છે......' તો 'દાદા' જેવો જ થઈ જાય. આપણે જેવું સમજ્યા હોય તેવું, જેટલું આપણને સમજ પડી હોય એવું. એક્સેસ ના બોલાવું જોઈએ, નહીં તો પેલો બિલકુલ માઈનસ કરી નાખે. તમારા અનુભવમાં આવ્યું હોય એટલું જ બોલવું જોઈએ. સામો માઈનસ કરી નાખે, ગાંડું બોલે, તો એનું નામ કીર્તનભક્તિ ના કહેવાય. કીર્તનભક્તિ તો, આપણને અનુભવમાં આવ્યું હોય ને સામાને લાભ કરે એવી વાત હોવી જોઈએ.

અને 'દાદાનું જ્ઞાન ખરાબ છે, આમ છે, તેમ છે' એવું બોલે તો પછી પથરા જેવોય થઈ જાય ! કારણ કે જે સવળું બોલવાથી આટલા બધા સ્ટેશન ઉપર ચઢાય, તો અવળું બોલવાથી એટલા જ સ્ટેશન નીચે ઊતરાય, એટલું જ નીચે ફેંકી દે. કોઈ અવળું બોલે તોય અમને કંઈ વાંધો નથી. અમને એટલું જ થાય કે તું જે જગ્યાએ પડીશ ત્યાંથી નીકળીશ શી રીતે ? એટલે અમે દવા છાંટીએ કે એ પડી ના જાય. સમજણપૂર્વક કોઈ અવળું કરે નહીં. આ બધા સમજણથી જોખમદારી કરતા હશે ? અણસમજણવાળા જ કરે. સમજણવાળો જોખમદારી ના લે, અણસમજણવાળો જોખમદારી લે.

'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલે ને, તો એ પ્રત્યક્ષ પરમાત્માની કીર્તનભક્તિ છે. જે દાદા ભગવાન ચૌદ લોકના નાથ છે, જે મહીં પ્રગટ થયેલા છે, તે પ્રત્યક્ષ પરમાત્માની કીર્તનભક્તિ છે. એવી કીર્તનભક્તિ થઈ જ નથી ને ! માટે એવું ફળ આપે કે ન પૂછો વાત ! એટલે 'દાદા'ની કીર્તનભક્તિ એ મોટામાં મોટી ભક્તિ છે. અને કીર્તનભક્તિથી કોઈ પણ નિયમ પાળ્યા વગર તે રૂપ થઈ જવાય. કીર્તનભક્તિ ગાય ને, તે બહુ મોટી ભક્તિ કહેવાય.

## નથી એ મંત્ર, સ્તુતિ, વંદના કે ધૂન

**પ્રશ્નકર્તા :** 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' એ મંત્ર કહેવાય ?

**દાદાશ્રી :** ન્હોય આ મંત્ર. મંત્ર તો મનને તર કરે. અને આ કંઈ મનને તર કરતું નથી.

મંદિરમાં જઈએ ને ત્યાં આ જ ખુદ ભગવાન આવ્યા હોય તો ત્યાં આપણે ભગવાનને કહીએ કે 'અહો, અહો ! આપના અસીમ જય જયકાર હો, અસીમ જય જયકાર હો.' એ કંઈ મંત્ર કહેવાતો હશે ? એ એક જાતનો અહોભાવ છે. એના જેવું છે આ. અહોભાવ પ્રદર્શિત કરવાનો છે. અને તે ઘડીએ જે ફળ મળે છે એ ફળ સીધું જ મળે છે આપણને.

**પ્રશ્નકર્તા :** તો આ સ્તુતિ છે કે વંદના છે ?

**દાદાશ્રી :** આ સ્તુતિયે નથી ને વંદનાય નથી. સ્તુતિ તો આ બહાર મંદિરમાં મૂર્તિની કરાય. અને ધૂન તો હોય જ નહીં.

**પ્રશ્નકર્તા :** પણ આ ધૂન તો ખરી ને ?

**દાદાશ્રી :** આ ધૂનેય નથી. ધૂન કોને કહેવાય ? ધૂન કોણ કરી શકે ? જે ધૂની હોય તે ધૂન કરી શકે. તમે ધૂની નથી. ધૂની એટલે શું ? એક જ બાજુ ઝાલી પડેલો, બીજા બધા વિચાર નહીં. ધૂનમાં ને ધૂનમાં રહે એનું નામ ધૂની. અને તમે તો સાવધાનીપૂર્વક બોલો છો આ. ધૂન સાવધપણામાં ના હોય, અસાવધપણામાં હોય.

ધૂન હંમેશાં મનથી હોય. અને આ 'અસીમ જય જયકાર' બોલતી વખતે મન એક બાજુ બેસી રહેલું હોય, મન બોલે નહીં.

**પ્રશ્નકર્તા :** આમાં અહીં કોણ બોલે છે ?

**દાદાશ્રી :** એ તો આ ટેપરેકર્ડ બોલે. પણ આ પ્રેરણા કોની ? આ પ્રજ્ઞાની. ધૂન તો, મન હોય ત્યાં ધૂન ! આ અક્રમ માર્ગમાં મન વચ્ચે રસ્તામાં જ નથી ને ! ધૂની એટલે અર્ધ ચક્કર ! ફુલ (પૂરો) ચક્કર ના કહેવાય. સહુ લોક કહેશે, 'જવા દો ને, આ ધૂની છે.' ધૂની ભાન વગરના હોય. એટલે ધૂની તો સાવધ ના હોય, તમે સાવધ. એટલે આને ધૂન શબ્દ લાગુ ના થાય, જાપ પણ લાગુ ના થાય, મંત્ર પણ લાગુ ના થાય.

## આસ્વાદન અમૃતરસના

**પ્રશ્નકર્તા :** 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' એ મંત્ર નથી, જાપ નથી, ધૂન નથી, તો શું છે આ ? આને કંઈક કહેવું તો પડશે ને ?

**દાદાશ્રી :** આમ વ્યવહારમાં તે વાક્ય કહેવાય, પણ આ કાળની આશ્ચર્યજનક વસ્તુ છે આ એક.

**પ્રશ્નકર્તા :** તો આનાથી શું લાભ થાય ?

**દાદાશ્રી :** અંદર અમૃતબિંદુ ટપકે ! કોઈ વસ્તુ એવી નથી કે જેનાથી અંદર અમૃતબિંદુ ટપકે. આઠ મિનિટથી ઉપર બોલતાની સાથે અમૃતબિંદુ ટપકવાનું શરૂ થાય. આઠ મિનિટ બોલતા સુધી આનંદ રહે, ને પછી તો અમૃતબિંદુ ટપકવાની શરૂઆત થઈ જાય. એટલે આ તો સીધું અમૃત જ છે, અમૃતરસ છે એક જાતનો ! અને માણસનું કામ કાઢી નાખે. આ કાળમાં આ ઊભું થયું છે, તેથી અમે કહી દઈએ કે આટલું કરજો.

એટલે આ તો કીર્તનભક્તિ છે ને કીર્તનભક્તિયે શબ્દ નાનો પડે છે આને માટે, પણ બીજો શબ્દ નથી જડતો એટલે આ મૂક્યો છે.

## તાર જૉઈન્ટ થાય તે કીર્તનભક્તિ

**પ્રશ્નકર્તા :** કીર્તન અને કીર્તનભક્તિમાં શું ફરક ?

**દાદાશ્રી :** કીર્તન તો આ બહાર બધા ગાય છે જ ને ? કીર્તન ગાવું એ જુદું છે.

**પ્રશ્નકર્તા :** કીર્તનનું થોડું વધારે સ્પષ્ટ કરો, ખ્યાલ નથી આવતો.

**દાદાશ્રી :** આ 'જય જયકાર હો' બોલીએ એ કીર્તનેય ના કહેવાય, પણ કીર્તનભક્તિ છે. જગતમાં મોટામાં મોટી કોઈ ચીજ હોય તો કીર્તનભક્તિ ! કીર્તનભક્તિ કરવી એટલે તો, તાર જૉઈન્ટ કરે તો જ લાઈટ થાય ને ! કીર્તનભક્તિમાં તો નામેય મહેનત નહીં ! કીર્તનભક્તિથી તો ગજબની શક્તિ વધે !

## ખુદની ભક્તિ કરનાર પ્રજ્ઞાશક્તિ

**પ્રશ્નકર્તા :** આ કોની કીર્તનભક્તિ છે ?

**દાદાશ્રી :** આ કીર્તનભક્તિ ખુદ ચૌદ લોકના નાથની છે.

**પ્રશ્નકર્તા :** ખુદની કીર્તનભક્તિ કરનાર કોણ ?

**દાદાશ્રી :** પોતે જ, પોતે !

**પ્રશ્નકર્તા :** એ ભાગ કયો ?

**દાદાશ્રી :** એ પ્રજ્ઞાશક્તિ છે, તે કામ કરી રહી છે !

## જ્ઞાનીમાં પ્રગટ થયેલા દાદાની કીર્તનભક્તિ

પ્રજ્ઞા નામની શક્તિ 'જ્ઞાન'થી ઉત્પન્ન થાય છે ! અમે 'શુદ્ધાત્મા' આપીએ છીએ ત્યારે તમારી મહીં પ્રજ્ઞાને બેસાડી દઈએ છીએ. જેને આપણે 'શુદ્ધાત્મા' કહીએ છીએ તે જ એ 'પોતે' ભગવાન છે, તેની જ કીર્તનભક્તિ છે. તમારો શુદ્ધાત્મા જ્યાં સુધી પ્રગટ થયો નથી, સ્પષ્ટ વેદન નથી થયું, ત્યાં સુધી કૃપાળુદેવે શું કહ્યું છે કે જ્ઞાની પુરુષનો આત્મા એ જ આપણો આત્મા છે.

'જ્ઞાની પુરુષ'ની ભક્તિમાં ઊંચામાં ઊંચી કીર્તનભક્તિ છે. કીર્તનભક્તિ ક્યારે ઉત્પન્ન થાય ? ક્યારેય પણ અપકીર્તિનો વિચાર ના આવે, ગમે તેટલું અવળું હોય તોય સવળું જ દેખાય. જો કે 'જ્ઞાની પુરુષ'માં અવળું હોય જ નહીં. અને જ્ઞાની પુરુષ એ દેહધારી પરમાત્મા છે. હવે એમાં પ્રગટ થયેલો આત્મા 'દાદા ભગવાન,' એમના અસીમ જય જયકાર બોલીએ એ કીર્તનભક્તિ છે, એટલે તરત ફળ મળે.

## એ.એમ.પટેલ : હું : દાદા ભગવાન

**પ્રશ્નકર્તા :** અત્યારે આ બધા જે કીર્તન કરે છે, 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો,' એમાં દાદા ભગવાનની ઓળખાણ કેવી રીતે આપો છો ?

**દાદાશ્રી :** દાદા ભગવાન તો અલૌકિક વસ્તુ છે. દાદા ભગવાન એટલે ચૌદ લોકના નાથ ! આ જે દેખાય છે એ તો 'એ.એમ. પટેલ' છે, અને જે મહીં પ્રગટ થયો છે એ ખુદ ચૌદ લોકનો નાથ છે. એટલે સાડા તેર લોકનો નહીં, ચૌદ લોકનો નાથ છે ! સંપૂર્ણ ! અને હું તો જ્ઞાની પુરુષ છું. એટલે જ્યારે કોઈ ના હોય ત્યારે હું મારા ચૌદ લોકના નાથ જોડે, અમે બન્ને ભેગા રહીએ. અને કોઈ આવે ત્યારે વાતચીત કરતી ઘડીએ અમે બહાર આવીએ. આ એ.એમ.પટેલ જોડે આવીએ. એટલે 'દાદા ભગવાન' હું પોતે નથી.

## ભગવાન થઈ બેસવામાં જોખમો

**પ્રશ્નકર્તા :** આપને ભગવાન થવાનો મોહ ખરો ?

**દાદાશ્રી :** મને તો ભગવાન થવું, એ તો બહુ બોજારૂપ લાગે. હું તો લઘુતમ પુરુષ છું. આ વર્લ્ડમાંય કોઈ મારાથી લઘુ નથી એવો લઘુતમ પુરુષ છું.

હું ભગવાન થઈ બેઠો નથી. કારણ કે આ દુષમકાળમાં કોઈ પણ માણસ કહે, 'હું ભગવાન છું,' એ મોટી જોખમદારી સ્વીકારે છે. એ એની પોતાની જોખમદારી લે છે. તેમાં આપણને કંઈ વાંધો નથી. આપણે સ્વીકાર કરવો કે ના કરવો એ આપણા હાથની વાત છે. અને એ બોલે એને, એમાં આપણાથી નાયે કેમ કહેવાય ? પણ એ તો ભયંકર નર્કગતિની નિશાની છે. કારણ કે લોકો તો એની વાણીના કેટલાક શબ્દો પરથી એને ભગવાન માનીને ચાલે તો શું થાય ?

અત્યારે આ કાળને વેદાંતીઓમાં કળિયુગ કહેવાય છે અને જૈનોમાં દુષમકાળ કહેવાય છે, એવા કાળમાં માણસ પૂર્ણતાએ પહોંચી શકે નહીં. બે-ચાર ડિગ્રી ઓછી રહે બહુ ત્યારે. એટલે માણસે પોતે ભગવાન થઈ બેસવું નહીં, નહીં તો ભયંકર જોખમદારી છે. અમને ભગવાન કહે તોય અમે 'ના' કહીએ ! અમારે ભગવાન થઈને શું કામ છે ?

### મારે હજુ 'દાદા ભગવાન' સ્વરૂપ થવાનું બાકી

અરે, એમાં ભગવાન થવા મેં પ્રયત્ન કર્યો, પરીક્ષા આપી, પણ પરીક્ષામાં 'હું' નાપાસ થઈ ગયો ! એટલે આ નાપાસ થયેલો હું રહ્યો છું, તે મહીં ભગવાન પ્રગટ થયા છે. લોકો કહે છે, 'આ દાદા ભગવાન તમે ?' મેં કહ્યું, 'ના, હું તો જ્ઞાની પુરુષ છું.' તેથી મેં ફોડ પાડ્યો છે કે આ તો જ્ઞાની પુરુષ છે, ભગવાન ન્હોય. જ્ઞાની પુરુષ એટલે, એમને તો બધું પૂછાય. આખા વર્લ્ડમાં કોઈ એવો આધ્યાત્મિક પ્રશ્ન નથી કે જેનો અહીં જવાબ ના મળે. પિસ્તાળીસેય આગમના બધા જ જવાબ મળે, સંપૂર્ણ, અને આ સંસારનાય તમામ પ્રશ્નો પૂછાય, બધા ખુલાસાય એમની પાસે થાય. એટલે વર્લ્ડના તમામ શાસ્ત્રોનો સાર આપે એવા છે. કોઈ ચીજ પૂછવાની બાકી ના રાખે એવા જ્ઞાની પુરુષ છે, પણ ભગવાન ન્હોય. મહીં જે પ્રગટ થયા છે, તે દાદા ભગવાન છે ! તે મારામાં ત્રણસો છપ્પન ડિગ્રી છે અને ભગવાનમાં ત્રણસો સાંઈઠ ડિગ્રી છે. એટલે મારે જ ચાર ડિગ્રી ખૂટતી છે. ત્યારે લોકો એમ પૂછે છે કે 'દાદા ભગવાન એ તો તમારું સ્વરૂપ છે ને ?' તો હું કહું છું કે 'હા, મારું જ સ્વરૂપ છે.' પણ એ સ્વરૂપ આજે થયો નથી હું. હું ત્રણસો છપ્પન ડિગ્રી ઉપર જ છું.

### મારાપણાથી મુક્ત થતા, બન્યા પબ્લિક ટ્રસ્ટ

અમે 'ભગવાન છીએ' એવું કહેતા જ નથી. અમારે હવે એ પદ જોઈતું જ નથી. કારણ કે આખો ચૌદ લોકનો નાથ મને વશ થઈ ગયેલો છે, પછી મારે એ પદ લઈને શું કામ છે ? ચાર ડિગ્રી અમારી ઓછી છે ભગવાન કરતા, છતાં આ દેહમાં રહેતો નથી એ વાત નક્કી છે. આ દેહનો માલિક થયો નથી, આ મનનો માલિક થયો નથી, આ વાણીનો માલિક થયો નથી.

માલિકી વગરની આ વાણી છે. 'મારી વાણી' કહે છે એમાં 'મારાપણું' આવ્યું, માટે પૉઈઝન થઈ ગયું ! 'હું બોલ્યો ને મારી વાણી' એ પૉઈઝનસ વાણી કહેવાય અને આ તો માલિકી વગરની વાણી છે. તો આ વાણી કોણ બોલે છે આપની જોડે ? આ ઑરિજિનલ ટેપરેકર્ડ બોલે છે. વક્તા ઑરિજિનલ ટેપરેકર્ડ છે, તમે શ્રોતા છો અને હું જ્ઞાતા-દ્રષ્ટા છું, આવો વ્યવહાર છે !

'અમે' એકલા જ મુક્ત થયા નથી, પણ 'આ' આખો જે છે ને, દેહ, એ પબ્લિક ટ્રસ્ટ છે. અમારે આની જોડે કંઈ લેવાદેવા નથી. 'આ' પબ્લિક ટ્રસ્ટ થયું હવે.

### ભૂલો દેખાડે મહીંલા ભગવાન

મારે સ્થૂળ ને સૂક્ષ્મ ભૂલ હોય જ નહીં. પણ જગતમાં કોઈનેય નુકસાન ના કરે એવી મારી જે ભૂલ હોય, સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમ ભૂલ, જે કેવળજ્ઞાનને રોકતી હોય, કેવળજ્ઞાનને આંતરે એવી ભૂલ હોય, તે ભૂલ 'ભગવાન' 'મને' દેખાડે. ત્યારે 'હું' જાણું ને, કે 'મારો ઉપરી છે આ.' એવી ના ખબર પડે ? આપણી ભૂલ દેખાડે એ ભગવાન ઉપરી ખરો કે નહીં ?

**પ્રશ્નકર્તા :** હા, બરાબર છે.

**દાદાશ્રી :** તેથી અમે કહીએ છીએ ને, કે આ ભૂલ જે અમને દેખાડે છે એ ચૌદ લોકનો નાથ છે. એ ચૌદ લોકના નાથના દર્શન કરો. ભૂલ દેખાડનાર કોણ છે ? ચૌદ લોકનો નાથ !

અને એ દાદા ભગવાન તો મેં જોયેલા છે, સંપૂર્ણ દશામાં છે અંદર. એની હું ગેરેન્ટી આપું છું. હું જ એમને ભજું છું ને ! અને તમનેય કહું છું કે 'ભઈ, તમે દર્શન કરતા જાવ.' દાદા ભગવાન ત્રણસો સાંઈઠ ડિગ્રી ને મારે ત્રણસો છપ્પન ડિગ્રી છે. એટલે અમે બે જુદા છીએ, એ પુરવાર થઈ ગયું કે નહીં ?

**પ્રશ્નકર્તા :** હાસ્તો ને !

**દાદાશ્રી :** અમે બે જુદા છીએ. મહીં પ્રગટ થયેલા છે એ દાદા ભગવાન છે. એ સંપૂર્ણ પ્રગટ થઈ ગયા છે, ઝળહળ જ્યોતિ સ્વરૂપ !

## 'જ્ઞાની ભક્ત' ભજે 'દાદા ભગવાન'ને

જે 'દાદા ભગવાન' છે તેમની ભક્તિ તો હુંયે કરું છું. મારે ચાર ડિગ્રી વધારવાની તો ખરી ને ! ખોટ ખરી ને, ત્યાં સુધી મારેય ભક્તિ કરવાની રહે. અહીં તો તમે જેવા ભક્ત છો એવો હું પણ ભક્ત છું. આ દેખાય છે તે દાદા ભગવાન ન્હોય, આ તો એ.એમ.પટેલ છે, ભાદરણના પાટીદાર છે. મહીં દાદા ભગવાન બેઠા છે. હું પોતે જ દાદા ભગવાનનો જય જયકાર બોલાવડાવું છું ને ! એટલે હુંયે ભક્ત છું ને તમેય ભક્ત છો !

**પ્રશ્નકર્તા :** એટલે જ્ઞાની પુરુષ જે છે, તે દાદા ભગવાનના ભક્ત છે ?

**દાદાશ્રી :** હાસ્તો ને ! હું બે આનીનો ભક્ત, તમે આઠ આનીના ભક્ત હો, માટે કંઈ ભક્તની ડિગ્રીમાં ફેર પડી ગયો ? બધાય ભક્તની ડિગ્રીમાં જ છે.

આટલું વાક્ય સમજે ને, તો બહુ કામ થઈ જાય.

હવે મારેય ચાર ડિગ્રી પૂરી કરવી પડશે ને ? કેવળજ્ઞાનમાં નાપાસ થયેલો છું. કેવળજ્ઞાનની પરીક્ષામાં નાપાસ થયો એટલે પછી મારે પરીક્ષા તો આપવી પડશે ને, ફરી ? મારે ચાર ડિગ્રી પૂરી કરવાની ના હોય ? એટલા હારુ હું શું કરું છું ? 'આમ' કરીને (પોતે પોતાને) નમસ્કાર કરું છું. હુંયે 'આમ' કરીને દાદા ભગવાનના અસીમ જય જયકાર બોલું છું ને ! અને તમનેય બોલવાનું કહું છું. ચાર ડિગ્રી ખૂટે તો મારે બોલવું પડે કે ના બોલવું પડે ? તમારેય પાંચ-છ ડિગ્રી ખૂટતી હશે કે નહીં ખૂટતી હોય ? તમારેય થોડીઘણી ખૂટતી હશે ને ?

**પ્રશ્નકર્તા :** હા જી.

**દાદાશ્રી :** ખૂટતી હોય તો બોલાવો. અને આ બોલશો ને, તો તમારેય ડિગ્રી ઉમેરાશે. એટલે 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલવાનું. હું હઉ બોલું છું ને, તમારી જોડે. તમારી મહીં એ જ દાદા ભગવાન બેઠેલા છે. તમારે ડિગ્રી ઓછી હોય તો અમે કહ્યું એ રીતે પૂરી કરો. એમાં વાંધો ખરો ? અને આપણે તો કામ સાથે કામ છે ને ! મારે ચાર ડિગ્રી ઓછી છે, તેથી હું ગાઉં છું, તમારે વધારે ડિગ્રી ઓછી છે તો તમેય ગાવ.

## 'તમારી' મહીં પણ 'એ' જ

એ દાદા ભગવાન તમારામાંય છે, આમનામાંય છે ને બધામાં છે. પણ અહીં આ પ્રગટ થયેલા છે. એટલે દાદા ભગવાન તો મહીંવાળા છે તે છે. હા, તમારી મહીં એ જ છે, અને આ 'અસીમ જય જયકાર હો' બોલવાથી તમારામાં પ્રગટ થાય છે. તમે આ દાદા ભગવાનની જેટલી ભક્તિ કરો એટલા તમારી મહીં ભગવાન પ્રગટ થાય એટલું જ અમે કહેવા માગીએ છીએ. આ બોલાવો એટલે પાંદડી ખૂલતી જાય છે દહાડે દહાડે. બસ, એટલું જ તો કરવાનું છે.

## શબ્દે શબ્દે અમૃત પીવાય

**પ્રશ્નકર્તા :** દાદા ભગવાનના અસીમ જય જયકાર હો, એ સ્થૂળ કહેવાય ?

**દાદાશ્રી :** આ સૂક્ષ્મતમની નજીકનું છે, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમની વચ્ચેનું છે. આ તો કંઈ જેવી તેવી ચીજ છે ? કોઈ શાસ્ત્રમાં ના હોય એવું

છે. આ બધા શાસ્ત્રોનો સરવાળો કરે તો આટલી દવા નીકળે. અને 'અસીમ જય જયકાર હો' એ તમામ શાસ્ત્રોનો સારનોય નિચોડ છે.

**પ્રશ્નકર્તા :** બીજા લોકોયે આવું ભગવાનના નામ બોલાવે છે, તો શું કહેવાય ?

**દાદાશ્રી :** એય ખોરાક છે. પણ એનાથી શું થાય છે, કે જપ્યા જ કરે એટલે જપયજ્ઞ થાય. એટલે અંદર શાંતિ થાય. શાંતિ થાય એટલે એને બધી રીતે શક્તિ સ્ટેબિલાઈઝ થાય. એ બધા જે જે નામ-જાપ જપે છે, એ બધા જપયજ્ઞ છે.

અને આ 'અસીમ જય જયકાર' તો શબ્દેશબ્દ અમૃત પીવાનું છે. આ તો અમૃતની શીશી જેમ પીતા હોય એના જેવું છે, આ જપયજ્ઞ નથી. અમૃત આમ પીતા હોય એવી રીતે છે. એટલે આ ઓર રીત છે. આવું ન મળી આવે તો છેવટે જે મળે એય ખોરાક છે. એ ખાજો ને, તો જીવન તો જીવતા રહેશો. ખોરાક વગર તો રહેવાય જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** આ મળ્યા પછી પેલી બાજુ જવાની જરૂર જ નહીં.

**દાદાશ્રી :** કોઈ જાયેય નહીં ને ! જેને સનાતન મળ્યું, એ કોણ ખોળે આવું ?

## આત્માના આનંદની શરૂઆત

અમે એક ગામમાં ગયા હતા. ત્યાં એક પ્રોફેસર મને કહે છે, ''આ બધાને 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલાવો છો, એ તમારું નામ બોલે એમાં શું ફાયદો ?'' મેં કહ્યું, 'આ મારું નામ નથી. એકવાર તમે સમજી લો. દાદા ભગવાન મહીં પ્રગટ થયા છે, હું તો જ્ઞાની પુરુષ છું.' એટલે એમના મનનું સમાધાન થયું. પણ કહે છે, 'ફાયદો શો આનાથી ?' મેં કહ્યું, 'તમે બોલવાનું શરૂ કરો. તમે તો પ્રોફેસર છો.' એ આમ આસ્તેથી બોલ્યા પણ બહુ સુંદર બોલ્યા, અને સાત જ વખત બોલ્યા. કહે છે, 'મને કશું કહેશો નહીં, અનુભવ થઈ ગયો !'

એમણે સાર સમજીને આ કર્યું, તે સાત જ વખત બોલ્યા તો એમને અનુભવ થયો. ને આપણા લોક ? આ જે બોલે છે ને, તે એમ સમજે છે કે આપણે રામનું નામ ગાયા કરીએ છીએ, એના જેવું છે આ. આ બાબો નોટ ફાડી નાખે પણ એને કહીએ કે 'તને જે નોટ આપી હતી એ બહુ કિંમતી હતી' ને પાછો એને પુરાવો દેખાડીએ ને, ત્યારે ફાડી નાખેલી હોય તે જગ્યાએ જઈને કકડા લઈ આવે પાછો. પણ જ્યારે ખબર પડે ત્યારે, એના જેવું છે. નહીં તો આ વસ્તુ જો પદ્ધતસર બોલે તો અનુભવ થાય. હું કહું છું ને, ધીસ ઈઝ ધ કૅશ બૅંક ઑફ ડિવાઈન સૉલ્યુશન ! આ એક જ વાક્ય આખું ડિવાઈન સૉલ્યુશન છે, તદ્દન કૅશ બૅંક છે. એટલે 'દાદા' આ બોલાવે છે તે બહુ જ કિંમતી વસ્તુ છે. બોલાવો ત્યારે !

**પ્રશ્નકર્તા :** દાદા ભગવાનના અસીમ જય જયકાર હો, દાદા ભગવાનના અસીમ જય જયકાર હો, દાદા ભગવાનના અસીમ જય જયકાર હો...

**દાદાશ્રી :** જુઓ ને, મોઢામાં પાન ઘાલ્યું છે કે, તમે ? ત્યારે પાન કાઢી નાખો ને ! હવે બોલો.

**પ્રશ્નકર્તા :** દાદા ભગવાનના અસીમ જય જયકાર હો, દાદા ભગવાનના અસીમ જય જયકાર હો...

**દાદાશ્રી :** હવે સાતમી વખતે પેલા ભાઈએ કહ્યું કે મને અનુભૂતિ થઈ ગઈ. હા, ત્યારે આ લોકોને એકસો સાતમી વખતેય અનુભૂતિ થાય કે ના થાય ? એટલે અમૃત પીવા જેવું છે.

**પ્રશ્નકર્તા :** પેલા ભાઈ કહેતા હતા કે મને આ બોલવાથી અનુભવ થઈ ગયો, તો એને શું અનુભવ થયો ?

**દાદાશ્રી :** આનંદનો ! આનંદની શરૂઆત થઈ ગઈ. બીજી કોઈ વસ્તુથી આનંદની શરૂઆત ના થાય. ફક્ત શાંતિ થાય, મનની શાંતિ થાય ને આનાથી તો આત્માના આનંદની શરૂઆત થાય.

## પ્રત્યક્ષ ભગવાનનું કીર્તન

શાંતિ અને આનંદ બે જુદી વસ્તુ છે. માનસિક શાંતિ એનું ફળ મસ્તીમાં આવે અને (સાચા) આનંદમાં મસ્તી ના હોય. આનંદ નિરાકુળતાવાળો હોય, જ્યારે પેલું તો મસ્તીના તાનમાં. પછી ઊતરી જાય ત્યારે દારૂ ઊતરી ગયો હોય એવો થઈ જાય પાછો, ઢીલો ઢસ !

**પ્રશ્નકર્તા :** 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' અહીંયા આવું બોલ બોલ કરે છે અને ક્રમિક માર્ગમાંય આવું બોલ બોલ કરે છે, તો ફેર શો ?

**દાદાશ્રી :** અહીં આ આત્મરમણતા છે. શબ્દો બોલ્યા વગર આત્મરમણતા હોય છે, એ તો સ્વાભાવિક છે. પણ આ શબ્દો બોલીને આત્મરમણતા થાય છે. અને ક્રમિક માર્ગમાંય આવું બોલાવે ને બધા બોલે તોય પેલી મનની મસ્તી વધ્યા કરે. ત્યાં મન મસ્તીમાં આવી જાય. શરીર, ગાતરો, બધામાં ફેરફાર દેખાઈ જાય, બધું મસ્તીમાં આવી ગયેલું દેખાય. મસ્તી જોયેલી કે લોકોની ? પાછા કહેય ખરા કે મસ્તાન છે. ઓહોહો, મસ્તાન આવ્યા ! પણ પછી ઊતરી જાય પાછી. દારૂ ઊતરી જાય ને, એવું એય ઊતરી જાય. ઈમોશનલ બધું, નર્યું આખું શરીર ઈમોશનલ થાય, આનંદ તરફી ઈમોશનલ ! એટલે આનંદ તરફી ઈમોશનલ થાય તે ઘડીએ જોઈ લો આની મસ્તી. અને આ બીજી બાજુ વિષાદ તરફી ઈમોશનલ થયો, એટલે પછી આવી ગયું ! અને આ તો નિરાકુળતામય ! આ તો આત્મરમણતા છે, બાકી બોલીને આત્મરમણતા ના હોય. પણ આ તો પ્રત્યક્ષ ભગવાનનું કીર્તન, એમનું સંકીર્તન કરવાનું છે. એ કઈ ભક્તિ કહેવાય ? કીર્તનભક્તિ ! એમ ને એમ તો ભગવાનની બહુ દહાડા ભક્તિ કરી. પણ એ પ્રત્યક્ષપણું નહીં ને ! પ્રત્યક્ષ હોય તો ફળ આપે.

## પ્રત્યક્ષ પમાડે કૅશ ફળ

**પ્રશ્નકર્તા :** પ્રત્યક્ષ કોને કહેવાય ?

**દાદાશ્રી :** પ્રત્યક્ષ તો, જ્ઞાની પુરુષમાં પ્રગટ હોય. અત્યારે તમે બજારમાંથી શાકભાજી લાવો તે પ્રત્યક્ષ લાવો કે કાગળિયાના ચાલે ?

**પ્રશ્નકર્તા :** પ્રત્યક્ષ જ જોઈએ.

**દાદાશ્રી :** કાગળ ઉપર ચીતરેલું ના ચાલે ? એટલે બધું પ્રત્યક્ષ હોય તો જ કામનું.

અને આ તો દુનિયાની અજાયબી છે ! ધીસ ઈઝ ધ કૅશ બેંક ઑફ ડિવાઈન સૉલ્યુશન ! પણ મારી હાજરી છે ત્યાં સુધી આ અજાયબી રહેશે, પછી નહીં રહે. પછી એ તત્ત્વ ઘટી જાય. જેમ આ દવા હોય છે ને, એનું તત્ત્વ ક્યાં સુધી રહે છે ? એ દવાઓ મુદતની બહાર થાય એટલે શું થાય ?

**પ્રશ્નકર્તા :** 'એક્સપાયરી ડેટ' થઈ જાય.

**દાદાશ્રી :** એવું આ ભગવાનેય મુદતની બહાર કશું ફળ ના આપે. હા, ભગવાનનીયે મુદત જતી રહે. એ તો મુદતમાં હોય, પ્રત્યક્ષ હોય તો જ ફળ મળે. ટાઈમ મૂક્યો હોય ત્યાં સુધી દવા કામ કરે. પછી તો દવા કામ કરે નહીં. પણ કોઈ નવી દવા ના મળતી હોય તો પછી એ દવા લોક પીવે જ છે ને, રામ રામ કર્યા જ કરે છે ને ! એટલે

આગળના ભગવાનને અત્યારે ગા ગા કરીએ તો શું દહાડો વળે ?

અને જો પ્રત્યક્ષ ભગવાન મળ્યા તો તો કામ જ થઈ જાય ને ! આ તો પ્રત્યક્ષ દાદા ભગવાનની કીર્તનભક્તિ કરે છે, પોતાને તે રૂપ થવા માટે ભગવાનેય પ્રત્યક્ષ જોઈએ. આ ભગવાનની સીધી ડિરેક્ટ કીર્તનભક્તિ છે. પ્રત્યક્ષ ના મળે ત્યાં સુધી પરોક્ષ ભક્તિ કરવી જોઈએ. હવે પરોક્ષ ભક્તિ કરે, એ બહુ જૂજ ફળ મળે. પરોક્ષમાં પરોક્ષ સમજીને કરવાનું હોય છે. પરોક્ષ જો સમજીને કરતા હોય ને, તોય પણ ફળ મળે. અને આ પ્રત્યક્ષની તો વાત જ જુદી ને ! જે માગો એ મળે !

## પ્રગટ દાદા પાસે માગતા આવડવું જોઈએ

જેમ કબીર સાહેબ સાખી બોલ્યા ને, કે 'સબ ઘટ મેરે સાંઈયા.' એટલે કે દરેક ઘટમાં એટલે કે દરેક બૉડીમાં, જીવમાત્રમાં મારા સાંઈયા, એટલે મારા ભગવાન બેઠેલા છે. દરેક દેહધારીમાં, એ પછી ગાય હોય, જાનવર હોય, ભેંસ હોય, દેવ હોય કે ગમે તે હોય, પણ બધામાં મારા સાંઈયા બેઠેલા છે. પછી કહે છે, કે 'ખાલી ઘટ ન કોઈ.' એક પણ ઘટ જો ખાલી થાય તો બાળી મૂકે લોકો. કાં તો દાટી ઘાલે, પણ રાખે નહીં. સાંઈ ખાલી થયા એટલે થઈ રહ્યું, ખલાસ ! પછી શું કહે છે ? 'બલિહારી ઉસ ઘટ કી, જો ઘટ પ્રગટ હોઈ.' એ શું કહેવા માગે છે ? એ ઘટની, એ શરીરની બલિહારી છે કે જ્યાં ભગવાન 'ફુલ' (પૂર્ણ) પ્રગટ થયેલા છે, વ્યક્ત થઈ ગયા છે, તે ઘરની બલિહારી છે. નહીં તો અવ્યક્તભાવે તો બધામાં છે જ. આ વ્યક્ત પાસે બેસવાથી તમારા ભગવાન વ્યક્ત થયા કરે. નહીં તો બીજો કોઈ ઉપાય છે નહીં.

હવે 'ફુલ' પ્રગટ થયા, તો એની નિશાની શું ? જે માગો તે આપે, માગતો ભૂલે. પછી આપણને શું વાંધો ?

એટલે આ 'દાદા ભગવાન' પ્રગટ થયા છે, દુનિયામાં કોઈ દહાડો આવા પ્રગટ થતા નથી. કો'ક ફેરો પ્રગટ થાય છે ને, ત્યારે આપણને ભેગા ના થાય. આ તો આજ ભેગા થયા છે, તો તમને માગતા આવડવું જોઈએ. અહીં તો ટેન્ડર ભરતા આવડવું જોઈએ, અને મારે તો મહીં ભગવાનને કહી આપવાનું કે 'ભગવાન કૃપા કરો, આપો.' પણ તમારે તો મારી પાસે ટેન્ડર મૂકવાનું, પછી પાસ કરાવવાનું મારે ને !

જે માગે તે અત્યારે મળે એવું છે. જો તમને માગતા આવડે તો માગી લેજો. પણ હું એમ કહું છું કે આ ભૌતિક ના માગશો. ભૌતિકનું પરિણામ રખડી મરવાનું આવશે. બાકી કાયમનું સુખ ખોળજો. આ ટેમ્પરરી એડજસ્ટમેન્ટ ખોળશો નહીં. ઑલ ધીસ રિલેટિવ્સ આર ટેમ્પરરી એડજસ્ટમેન્ટ્સ ! આ રિલેટિવ બધા કેવા છે ? ટેમ્પરરી એડજસ્ટમેન્ટ છે. મોક્ષ માગો તો મોક્ષ મળે, એક કલાકમાં મોક્ષ મળે. પછી ફરી ચિંતા થાય તો એ ભગવાનને માથે જોખમદારી.

અને ધીસ ઈઝ ધ કૅશ બેંક ઑફ ડિવાઈન સૉલ્યુશન ! 'અસીમ જય જયકાર' તમે બે કલાક બોલો, કે તમને તરત જ એનું ફળ મળે.

**પ્રશ્નકર્તા :** એ કઈ જાતનું ફળ આપે ?

**દાદાશ્રી :** આનંદ જે જોઈએ છે જીવને, તે આનંદ આવે. શાંતિ નહીં, શાંતિ તો બહાર બધેય હોય છે. શાંતિ તો બહાર કશી ક્રિયા કરે તોય શાંતિ થાય, પણ આનંદ ના હોય ને આમાં આનંદ હોય. બહાર આવું કશું બોલે તો એ માનસિક ઈફેક્ટ હોય અને આ તો મહીં એકદમ આનંદ અનુભવાય, નિરાકુળતા લાગે.

## પ્રત્યક્ષના જયકારથી આંતરિક સુખ મળે

એટલે આ 'દાદા ભગવાન'ના અસીમ જય

જયકાર બોલાવું છું. બોલવાનો વાંધો ખરો હવે ? તમને કેમ લાગે છે ?

**પ્રશ્નકર્તા :** શું કામ વાંધો ?

**દાદાશ્રી :** તો હું બોલાવું તે બોલજો. 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો, દાદા ભગવાનના અસીમ જય જયકાર હો, દાદા ભગવાનના અસીમ જય જયકાર હો...'

હું મારી જાતનું નામ ગવડાવ ગવડાવ કરું છું ને ? આ અસીમ જય જયકાર બોલાવું છું, તેમાં તમને શો ફાયદો ?

**પ્રશ્નકર્તા :** મોટા પુરુષનું નામ લેવાથી શાંતિ થાય. એ તો સ્વાભાવિક છે ને !

**દાદાશ્રી :** પણ એમાં તમને શું ફાયદો ? હું મારું નામ ગવડાવું એમાં તમારે ગાવાની શી જરૂર ? તમારે તો મને કહેવું જોઈએ, કે 'તમે મારું નામ ગાવ.' જાતે જ પોતાનું નામ ગવડાવે તો લોકો શું કરવા ગાતા હશે ?

**પ્રશ્નકર્તા :** આપ સમજાવો.

**દાદાશ્રી :** એવું છે, આ જે 'દાદા ભગવાન' છે તેનું જ નામ દઈએ છીએ. આ મારું નામ હોત ને, અને આ દાદા ભગવાન નામ હું દેવડાવતો હોત ને, તો તમારામાંથી એકાદ જણ, કોઈ બુદ્ધિશાળી હોય તે કહે કે 'આ તો એમનું નામ ગવડાય ગવડાય કરે છે, અમારું કશુંય નહીં.' અરે ! હું હઉ ત્યાં એમના મોઢા પર કહી દઉં કે 'ભઈ, હું કંઈ નવરો નથી તમારું નામ ગાવા માટે.' પણ આ તો ચૌદ લોકનો નાથ, એમનું નામ દેવાય છે. પછી ત્યાં શું બાકી રહે પછી ? ત્યાં રહે કશું ? તમને ઓળખાણ ના પડી, તેથી તેમની આ ઓળખાણ પાડી. તે મેં જાતે જોયા અને આ બધાને દેખાડ્યા, અને તમને હઉ દેખાડી દઈશું.

એટલે આ મારું નામ નથી ગવડાવતો. મારું નામ ગવડાવવાનો તો અર્થ જ શો ? નહીં તો પોતાનું નામ દેવડાવતો હોય ત્યારે તો હું બધાને કહી દઉં કે બોલશો નહીં આ, તમને શું ફાયદો એમાં ? પણ આ તો ભગવાનને જ ભગવાન કહું છું. એટલે જે છે ભગવાન, તેના આપણે ગીતો ગાઈએ છીએ. અહીં વરરાજા હોય ને એના ગીતો ગઈએ તો એ સાચા. નહીં તો વર હોય નહીં ને આપણે ગીતો ગાઈએ, તેનો શો અર્થ ? ના હોય ને એનું બોલીએ તો એ ઠીક છે, એનું પરોક્ષ ફળ તો મળે. એ પરોક્ષનું ફળ શું મળે ? એમાં આ ભૌતિક સુખો મળે, આંતરિક સુખ ના મળે. આંતરિક સુખ તો પ્રત્યક્ષનું ફળ છે !

## રૂઝાવે ઘા હૃદય તણા

અનંત અવતારથી જે હૃદયમાં ઘા પડ્યા છે, જે દિલમાં ઘા પડ્યા છે, એ ઘા રૂઝવવાનો કોઈ રસ્તો જ નથી. ધર્મ પ્રાપ્ત થાય, પણ ઘા રૂઝવવાનો રસ્તો નથી. આ એક જ વાક્ય એવું છે કે ઘા રૂઝાય. 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલ્યા કે મહીં ઘા રૂઝાયા કરે બધા. મહીં હૃદયમાં ઘા પડેલા હોય. બધા લોકો નથી કહેતા કે મારી છાતીએ ઘા લાગ્યો છે ? આ બોલના ઘા પડે છે. કોઈ બોલે તો ઘા પથરા જેવો લાગે કે ના લાગે ? માટે આ ઘા બધા રૂઝાશે ત્યારે મોક્ષ થશે, એમ ને એમ મોક્ષ ના થાય. ઘા રૂઝાવાનો થયો હોય ત્યાર હોરો બીજો ઘા પડ્યો જ હોય અને 'આ' બોલ બોલ કરશો ને, તો બધા ઘા રૂઝાઈ જશે.

## કલાક બોલે તો દાદા ભગવાન દેખાય

'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' એ પ્રત્યક્ષ ભક્તિ છે ભગવાનની, તે આઠ મિનિટ ઓછામાં ઓછું બોલવું અને વધારે ટાઈમ હોય તો પચાસ મિનિટ બોલજો. પચાસ મિનિટ

બોલે તો દાદા ભગવાનના દર્શનેય થાય. માટે આ બોલજો. અને કો'ક દહાડો પચાસ મિનિટ ના બોલાય તોય આઠ મિનિટથી ઓછું નહીં બોલવાનું તોય ચાલે. આઠ મિનિટથી ઉપર બોલવાનું શરૂ થયું, તો એ ભયંકર પાપો ભસ્મીભૂત કરીને મોક્ષ ભણી લઈ જાય એવું છે. કારણ કે પ્રાગટ્ય છે આ, દાદા ભગવાન પ્રગટ છે. મહાવીર ભગવાનનું નામ દે, પણ આજે એ પ્રગટ નથી. માટે આવું કામ ના કરે એ. આ તો ખાલી દર્શન કરવાથી જ પાપ નાશ થાય એવું છે, તો આ તમે 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલો તો તો શુંય થાય !

મહીં ભગવાન હાજર છે, ને તેને જ તમે બોલો છો. ભગવાન હાજર છે તેના દર્શન હઉ તમે કર્યા ! એ તો તમને લાગે કે હું આ અહીં દર્શન કરું છું, પણ મહીં પહોંચ્યા ઠેઠ તે ઘડીએ અમે ભગવાનને કહ્યું કે 'આને આશીર્વાદ આપો.' હવે એથી વધારે આગળ તમારે જોઈએ છે કે આટલું ચાલશે ?

**પ્રશ્નકર્તા :** આપને જે યોગ્ય લાગે તે.

**દાદાશ્રી :** આ પતંગનો દોરો છૂટો હતો. અને તમે એની પાછળ દોડો કે 'મારી પતંગ ગુલાંટ ખાય છે.' અરે, પણ દોરો આપણા હાથમાં ના હોય, પછી ગુલાંટ ખાય તેને શું કરીએ ? આ દોરો તમને આપ્યો તે ગુલાંટ ખાય ત્યારે ખેંચજો. કેટલાક તો 'અસીમ જય જયકાર' રોજ એક કલાક બોલે છે તો એમને દાદા ભગવાન દેખાય છે. પછી આપણે બીજું શું જોઈએ ?

### આ કંઈ કન્ડિશનલ નથી

**પ્રશ્નકર્તા :** 'જય જયકાર' એ ભાવ પ્રમાણે કરવા કે નિશ્ચયપૂર્વક ?

**દાદાશ્રી :** નિશ્ચયપૂર્વક કરવા સારા.

**પ્રશ્નકર્તા :** આ નિર્ધારિત સમયે, નિર્ધારિત સમય પૂરતું જ કરવાનું ?

**દાદાશ્રી :** નિર્ધારિત સમયે નહીં, ગમે તે ટાઈમે બોલો. સંડાસમાં બેઠા બેઠા બોલો તોય ચાલે ને !

**પ્રશ્નકર્તા :** ધારો કે આપણે ટાઈમ નક્કી કર્યો હોય કે સવારે સાતથી આઠ એક કલાક બોલવું છે. હવે એ પ્રમાણે એ જ નિયમથી કરીએ એ વધારે સારું ને ?

**દાદાશ્રી :** નિર્ધારિત સમયે કરો તો વધારે સારું, પણ નિર્ધારિત સમયે ના રહે તો તો પછી ગમે ત્યારે પણ બોલવું. નિર્ધારિત સમય કો'ક જ માણસને મળે, બધાને ના મળે.

**પ્રશ્નકર્તા :** હવે ધારો કે નક્કી કરેલા ટાઈમે રોજ બોલતા હોય, કોઈવાર એમાં ભાવ હોય ને કોઈવાર ભાવ નાયે હોય, તોય બોલીએ તો ?

**દાદાશ્રી :** ભાવની મારે જરૂર જ નથી ને ! મેં ક્યાં એવું કહ્યું છે ? કોઈ કન્ડિશનલ નથી આ. ભાવ હોય કે ના હોય, એની મારે કંઈ જરૂર નથી. આપણે કાનને સંભળાય એવું બોલજો. તમને સમજાયું ને ? તમારા મનમાં એમ થયું કે ભાવ બગડે તો બંધ કરી દેવું ? એવું છે ને, આમાં ભાવ હોતો જ નથી. અક્રમ માર્ગમાં ભાવ એ વસ્તુ જ રહેતી નથી. ભાવ કેન્સલ થયેલો છે એનું નામ અક્રમ. અને આ લોકો ભાવ જે શબ્દ બોલે છે ને, તે ઈચ્છાને ભાવ કહે છે.

### 'આ' ખાલી બોલવાનું જ

**પ્રશ્નકર્તા :** આ બોલતી વખતે આત્માના ગુણો આંખની સમક્ષ હોય તો ?

**દાદાશ્રી :** ના, ગુણોની વાત જ નહીં કરવાની આમાં. આ ખાલી બોલવાનું જ. ગુણોની

આમાં જરૂર જ નથી. ગુણો, એ તો જુદી વસ્તુ કહેવાય. એ ઉપયોગ કહેવાય. એનાથી પોતાના શુદ્ધ ઉપયોગમાં રહેવાય, અને એ સિદ્ધ સ્તુતિ થાય. પણ આમાં ગુણનું નથી, આ તો ખાલી બોલવાનું જ છે. તેય આપણા કાનને સંભળાય એટલું જ, તે આઠ મિનિટ ઉપર પ્રયોગ કરી જોવાનો. અનુકૂળતા આવે તો રહેવા દેજો. અનુકૂળ આવે તો કરવો, તે પચાસ મિનિટ સુધી કરવો. પણ આ તો બધાને અનુકૂળ જ આવે.

## એમાં હેતુ સહજતાનો

**પ્રશ્નકર્તા :** દાદાની હાજરીમાં બોલીએ અને ગેરહાજરીમાં બોલીએ, એમાં પણ ફેર પડે ?

**દાદાશ્રી :** બહુ ફેર પડી જાય. તેટલા માટે હું બેસું ને, અહીં આગળ ! અને પછી 'બોલો' કહું છું ને ! કારણ કે અહીં આગળ તદ્દન નજીક ને ! જેટલો સંગ નજીક તેટલો જ લાભ. ઘેર બોલે ને અહીં બોલે તેમાં ફેર પડે.

**પ્રશ્નકર્તા :** આ તાળીઓ પાડવામાં હું વિરોધ કરતો હતો, તે આજે બધાના કરતા જોશથી હું તાળી પાડું છું. તે આવું કેમ બનતું હશે ?

**દાદાશ્રી :** એવું છે ને, કે તાળીઓ પાડવાથી મોક્ષે જાય એવો કંઈ નિયમ નથી હોતો. તેમ સૂનમૂન બેસી રહી અને વાંચ વાંચ કરીએ એય મોક્ષે જવાનો કંઈ નિયમ નથી હોતો. મોક્ષે જવાનો નિયમ કેવો છે ? માણસ સહજ રહે છે કે નહીં, એટલું જ જોવાનું.

હવે કેટલાક આમ સૂનમૂન બેસી રહે, તાળી ના પાડે, વાંચ્યા કરે, પણ એમાં એટિકેટ આવ્યું થોડુંક. આ લોક કહેશે કે 'તાળી પાડવાથી ચિત્ત ભંગ થઈ ગયું.' પણ આ તો જે પહેલાની ચીઢ ચઢેલી ને, એ ચીઢ કાઢવા માટે આપણે આ કરીએ છીએ. અનંત અવતારની ચીઢ પેસી ગયેલી, તે ચીઢ કાઢવા માટે આ પ્લસ-માઈનસ કરી અને સહજ કરવાનું છે.

## તીર્થંકરોના કીર્તન ગા ગા કરો

**પ્રશ્નકર્તા :** એ દાદા ભગવાન આપ જેને બોલાવો છો તે અને આ સીમંધર સ્વામી એમનામાં સંબંધ શો છે આમ ?

**દાદાશ્રી :** ઓહોહો ! એ તો એકના એક જ છે. પણ આ સીમંધર સ્વામીને બતાડવાનું કારણ કે હજુ દેહ સાથે હું છું એટલે મારે ત્યાં જવાની જરૂર છે. કારણ કે જ્યાં સુધી સીમંધર સ્વામીના દર્શન થાય નહીં, ત્યાં સુધી મુક્ત ના થાય, એક અવતાર બાકી રહે. મુક્તિ તો આ મુક્ત થયેલાના દર્શનથી મળે. જોકે મુક્ત તો હુંય થયેલો છું, પણ એ સંપૂર્ણ મુક્ત છે. એ આવું અમારી જેમ લોકોને એમ ના કહે કે આમ આવજો ને તેમ આવજો. હું તમને જ્ઞાન આપીશ. એ બધી ખટપટો ના કરે.

અમે સીમંધર સ્વામીને નમસ્કાર બોલીએ ત્યારે સીમંધર સ્વામીનું ચિત્રપટ, એમનું પદ, એ બધું એટ એ ટાઈમ લક્ષમાં રહે.

'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' એવું બોલીએ તે વખતે એવું જ દેખાય અને શબ્દ અને રૂપક બે સાથે હોય ને, તે બહુ ફળ આપનારું હોય. અમે મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા તીર્થંકર સાહેબ બોલીએ ને, તો તીર્થંકર સાહેબના દર્શન કરીએ એટલે શબ્દ અને રૂપક જોડે હોય, તે બહુ ફળ આપનારું છે. એમનું મોઢું જોવાની જરૂર નથી, એમનો સ્વભાવિક આકાર દેખાવો જોઈએ. 'કૃષ્ણ ભગવાન' બોલતાની સાથે કૃષ્ણ ભગવાન જેવા હોય તેવા દેખાય એટલે કામ પત્યું. દેખાય એટલે રૂપક કહેવાય. બોલવું અને જોડે આ એડજસ્ટમેન્ટ કરવું જોઈએ.

સીમંધર સ્વામી જોડે અમારે એટલી બધી ઓળખાણ છે કે અમે કહીએ એ પ્રમાણે તમે દર્શન કરો તો ઠેઠ પહોંચે.

વીતરાગોના તો વખાણ કરે તેટલા ઓછા છે. એમના કીર્તન લોકોએ ગાયા નથી, અને જે ગાયા છે એના રાગ બરોબર નથી. વીતરાગોના જો સરખા કીર્તન ગાયા હોય તો આ દુઃખ ના હોત. વીતરાગ તો બહુ ડાહ્યા હતા ! તેમનો માલ તો બહુ જબરો ! એ તો કહે છે, 'સમકિતીથી માંડીને તીર્થંકરોના કીર્તન ગા ગા કરો !' 'તો પછી સાહેબ અપકીર્તન કોના કરું ? અભવ્યો છે એમના ?' ના, અપકીર્તન તો કોઈનાય ના કરીશ, કારણ કે મનુષ્યનું ગજું નથી, એટલે એવું ના કરીશ. અપકીર્તન શું કામ કરે છે ? અપકીર્તન વીતરાગોથી દૂર રાખે છે.

### સ્વામીના અસીમ જયકાર બોલાય ?

**પ્રશ્નકર્તા :** 'સીમંધર સ્વામીને નિશ્ચયથી નમસ્કાર કરું છું' એમ જે બોલીએ છીએ, તો નિશ્ચયથી જ બોલવાનું હોય કે વ્યવહારથી બોલવાનું હોય ?

**દાદાશ્રી :** નિશ્ચયથી. અને દેહ તો ઊંચો-નીચો હોય, તે અમારે દેહ સાથે લેવાદેવા નથી.

**પ્રશ્નકર્તા :** એટલે 'હું સીમંધર સ્વામીને નિશ્ચયથી નમસ્કાર કરું છું' એમ જે બોલું છું તે બરોબર છે ને ?

**દાદાશ્રી :** બરોબર છે. વ્યવહાર એટલે દેહથી. અને આ નમસ્કાર વિધિમાં જે બીજું છે ને, એ બધું વ્યવહારથી છે. હવે આ અહીં એકલું જ નિશ્ચયથી છે.

**પ્રશ્નકર્તા :** દાદા ભગવાનનું નિશ્ચયથી છે ?

**દાદાશ્રી :** હા, બસ. એટલે ખરી રીતે અહીં જ તમારે નિશ્ચયથી નમસ્કાર કરવા જોઈએ, બીજા બધાને વ્યવહારથી નમસ્કાર કરું છું. હવે સીમંધર સ્વામીને નિશ્ચયથી બોલો તો વાંધો નથી, સારી વસ્તુ કહેવાય. ત્યાં આપણે નિશ્ચય લખીએ તો બધે નિશ્ચય લખવું પડે.

**પ્રશ્નકર્તા :** 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' જે બોલાવીએ છીએ, એવી રીતે 'સીમંધર સ્વામીના અસીમ જય જયકાર હો' બોલાવી શકાય ?

**દાદાશ્રી :** ખુશીથી બોલાવી શકાય. પણ 'દાદા ભગવાનના જય જયકાર' બોલતી વખતે જે મહીં આનંદ થાય છે એવો આનંદ પેલામાં ન થાય. કારણ કે આ પ્રત્યક્ષ છે. પેલું પ્રત્યક્ષ તમે જોઈ શકતા નથી. એ બોલાવી શકાય ખરું. સીમંધર સ્વામી માટે ગમે તે (ગુણગાન) બોલાય. કારણ કે આપણા શિરોમાન્ય ભગવાન છે અને રહેશે. જ્યાં સુધી આપણે છૂટીએ નહીં ત્યાં સુધી રહેશે. આ તો અમે આંગળી કરી છે કે આમનું જે આવડ્યું એ બોલશે, તેનું કલ્યાણ થશે.

**પ્રશ્નકર્તા :** હા, અંગુલિ ઈશારો છે, બધું બરોબર છે.

**દાદાશ્રી :** આ બધું અંગુલિ નિર્દેશ છે. કોઈએ આંગળી કરેલી નહીં ને, શું કરવું તે ! વાતો બધી કરી હશે પણ આંગળી નથી કરી કે આમ કરો !

**પ્રશ્નકર્તા :** આ તો મેં તે દિવસે બોલાવેલું ને, ત્યારે એક ભાઈએ કહ્યું કે આવું ના બોલાવાય. નિશ્ચયથી ના બોલાવાય. એટલે મેં પૂછ્યું.

**દાદાશ્રી :** એ બોલ્યા હોય તો વાંધો નથી. એથી કંઈ પાપ નથી લાગે એવું. પણ આ જ્ઞાની પુરુષના કહ્યા પ્રમાણે બોલે ને, તેનો બહુ ફેર પડી જાય. બોલ્યા હોય તેનું જોખમ નથી. પ્રતિક્રમણ

કરવું ના પડે. સીમંધર સ્વામીનું ફક્ત નામ દેશે ને, તોય એને ફાયદો થઈ જશે.

## જાગૃતિ : બોલવામાં ને સાંભળવામાંય

**પ્રશ્નકર્તા :** 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો'નું ગુંજન થયા કરે તો ?

**દાદાશ્રી :** એ તો બહુ ઉત્તમ ! એના જેવું તો એકુંય નહીં. મહીં આપણે હઉ જોડે જોડે એ ગુંજન ભેગું બોલવા લાગીએ, એ મહીં ગુંજન થતું હોય એની જોડે તાલ મેળવવાનું.

પણ 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' પહોંચે ક્યારે ? જોશથી બોલીએ ત્યારે. જેમ જોશથી બોલીએ ને, એમ દાદા ભગવાનને સરસ પ્રમાણમાં પહોંચે. કારણ કે આપણે જોશથી બોલીએ તો આપણે એમાં તન્મયાકાર થઈએ તો એ લાભ મળે. એટલે બહાર જોશથી અર્ધોએક કલાક બોલવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** સ્થાન તો જોવું જોઈએ ને, કે મોટેથી બોલવા જેવું છે કે ધીમેથી બોલવા જેવું છે, એવું ?

**દાદાશ્રી :** તે જગ્યા જોવાની. પણ એવું આમ હોંકારો પાડીને મોટેથી નહીં બોલવાનું. એ તો સામાસામી જરા સંભળાય એટલી જ જરૂર. અગર તો પોતાના કાનને જરા સંભળાય એવું બોલવાનું.

**પ્રશ્નકર્તા :** મારાથી જોશથી નથી બોલાતું, મનમાં બોલું તો ?

**દાદાશ્રી :** તેનો વાંધો નહીં.

**પ્રશ્નકર્તા :** આખો દિવસ મનમાં 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' ચાલ્યા કરે, તો મોટેથી બોલીએ તો જ અસર થાય કે અંદર મનમાં બોલ્યા કરે, તો અસર થાય ?

**દાદાશ્રી :** અંદર જે બોલે ને, એ તમારા જેવા નિવૃત્ત થયેલા બોલે. પ્રવૃત્તિવાળા અંદર શી રીતે બોલે ?

**પ્રશ્નકર્તા :** કામ હોય તોયે અંદર તો બોલાય જ ને ?

**દાદાશ્રી :** સારું, એ તો બહુ સારું. બાકી મોટેથી બોલે એના જેવું એકુંય નહીં. પણ અંદરથી બોલતા હોય, આખો દિવસ રહેતું હોય તો એય ઉત્તમ છે. એ કંઈ ખોટું નથી. અંદર આખો દહાડો બોલાય છે, એય એક જાતની જાગૃતિ છે ને !

મનમાં કોણ બોલી શકે ? જે ડેવલપ થયેલો હોય તેને વાંધો નહીં. તમારા મનમાં તો બીજા ઝાંખરા પેસી જાય છે. એ પેસી ના જાય એટલા માટે મોટેથી બોલવાનું. તમારું ડેવલપમેન્ટ એટલું બધું નથી હોતું. કારણ કે મનમાં બોલો તો તમને મહીં વિચારો ઘૂસી ગયા વગર રહેશે નહીં. એટલે પૂરું ચોખ્ખું નહીં થવા દે. અને મોટેથી બોલશો તો પેલું ચોખ્ખું થવા દેશે.

એટલે આખો દહાડો કીર્તનભક્તિમાં જવા દો. પણ કીર્તનભક્તિ ક્યારે થઈ કહેવાશે ? તમે બોલો ને તમે સાંભળો ત્યારે ! એટલે બે બાજુ જાગૃતિ જોઈશે. તમારી એકલી બોલવાની જાગૃતિ જ નહીં, પણ સાંભળવાની જાગૃતિય જોઈશે. અવાજ મંદ થયો, ઊંચો થયો, એ બધી તમને ખબર પડવી જોઈએ.

## પ્રગટના ધ્યાને થાય નિજનો ધ્યાતા

હજુ ક્લિઅર થાશે ત્યારે વધુ સમજાશે.

**પ્રશ્નકર્તા :** ક્લિઅર થવા માટે શું કરવાનું ?

**દાદાશ્રી :** લે, સત્સંગમાં પડી રહેવું પડે, આજ્ઞા નિરંતર પાળવી પડે. આજ્ઞા તો ઘેર બેઠાય પળાય. જેને ઓછી પળાતી હોય તેણે એક સામાયિક કરવું. 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો'

એટલું પચાસ મિનિટ સામાયિક કરવું, બસ અને પૂરી સારી રીતે પાળી શકતા હોય તો વાંધો નહીં.

ધીસ ઈઝ ધ કૅશ બેંક (આ રોકડ બેંક છે). આ વાક્ય છે ને ! કૅશ બેંક એટલે દાદા ભગવાન તમારામાં મહીં અવ્યક્તરૂપે રહ્યા છે ને આ અહીં વ્યક્ત, પ્રગટ થયા છે. તે આ પ્રગટનું ધ્યાવન (ધ્યાન) કરે ને, તો પોતાનું પ્રગટ થયા કરે. આનંદઘનજીએ ગાયું છે કે 'પ્રગટ તત્ત્વના ધ્યાવતા, નિજ તત્ત્વનો ધ્યાતા થાય રે.' એટલે આ તમે બોલો ને રોજ, તે ક્યારે બોલવાનું ? રાત્રે જમ્યા પછી બૈરી-છોકરાં બધાને બેસાડીને તમારે બોલવાનું ને એ બધા બોલે. એ તમારું મહીં પ્રગટ થયા કરશે, વ્યક્ત થયા કરશે. આ પ્રગટનું ધ્યાવન કરો છો માટે મહીં વ્યક્ત થાય. અને આ વાક્ય એકલું જ, 'દાદા ભગવાનનો જય જયકાર' એ કૅશ જ છે, તરત જ ફળ આપનારું છે. આનંદ-બાનંદ બધી રીતે, અને મહીં પચાસ મિનિટ જો બોલશો ને જે દહાડે, એટલે આખું સામાયિક કરશો ત્યારે એ અનુભવ થશે.

અમે તો શું કહીએ છીએ ? આ 'જ્ઞાન' લીધેલું હોય તોય 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' કલાકેક બોલવું જોઈએ. કારણ કે આ બોલવાથી તમારા મહીંવાળા ભગવાન પ્રગટ થશે. અને આ બોલતા જ એની મેળે મહીં સ્વાદ આવે છે, જાણે હાફુસ કેરી ચૂસતા હોય ને એવો ! એક કલાક કીર્તનભક્તિ થઈ ગઈ તો કામ નીકળી ગયું. આ કાળમાં બીજો રસ્તો નથી. આ કાળમાં બીજા નિયમો પમાય એવા નથી.

### ભીખ-ભૂખ નહીં ત્યાં વશ થાય ભગવાન

આ ભગવાન મહીં બેઠા છે એ મારા ઉપરી ખરા, પણ મને વશ થઈ ગયેલા છે. શાથી વશ થઈ ગયેલા ? મારો વિનય-ભક્તિ જોઈને વશ થઈ ગયેલા. પણ મેં કહ્યું, 'બીજી જગ્યાએ જાવ ને !' ત્યારે એ કહે છે, 'ભઈ, ક્યાં જઉં ? બીજી કોઈ જગ્યા જ નથી ત્યાં આગળ.' બધા ભીખવાળા છે ! માનની ભીખ, કીર્તિની ભીખ, ફલાણી ભીખ, વિષયોની ભીખ. કંઈ પણ ભીખ છે ત્યાં ભગવાન ઊભા ના રહે.

જ્ઞાની પુરુષને આખા જગતનું સોનું આપે તો કામનું નથી, આખા જગતની સ્ત્રીઓ સંબંધી વિચાર પણ ના આવે. કારણ કે દેહના માલિક નથી ત્યાં આગળ ! પછી એ માનના ભૂખ્યા ના હોય, અપમાનનોય વાંધો નહીં, કીર્તિની જરૂર નહીં. જેને કોઈ પણ પ્રકારની ભીખ નથી, એને આ 'વસ્તુ' પ્રાપ્ત થશે. એટલે કોણ છે એને માટે ફિટ ? લાયકાત કોણ ધરાવે છે ? જેને આવી કોઈ પણ પ્રકારની ભીખ ના હોય તેને 'વસ્તુ' પ્રાપ્ત થવી જ જોઈએ. અને 'વસ્તુ' એકલી પ્રાપ્ત ના થાય પછી, પણ ભગવાન પણ વશ થઈ જાય !

આખા જગતનું જ્ઞાન જાણો પણ જ્ઞાનની ભૂખ મટે નહીં એ બુદ્ધિ અને એક આત્માને જાણો, પછી કોઈ જાતની ભૂખ જ ના રહે જાણવાની, એનું નામ જ્ઞાન. પછી કોઈ પણ પ્રકારની ભૂખ જ ના રહે. કોઈ પણ પ્રકારની ભૂખેય નહીં ને ભીખેય નહીં !

### 'જ્ઞાની'નું અંતર ઊઘડ્યું અહીં

હું બિલકુલ સ્પૃહા વગરનો છું. મને જગતમાં કોઈ ચીજની સ્પૃહા રહી નથી કે મારે બંગલો જોઈશે. મને ઝૂંપડી ચાલશે. તાડપત્રી બાંધીનેય આટલામાં પણ ચાલે. 'વ્યવસ્થિત'માં જે હોય એને મારે કંઈ આઘુંપાછું કરવું નથી. 'વ્યવસ્થિત'માં ઝૂંપડી હોય તો ઝૂંપડી અને રાજમહેલ હોય તો રાજમહેલ, ને શેઠને ત્યાં હોય તો શેઠને ત્યાં !

પણ જેટલો મને ચોખ્ખો રાખશો એટલી 'પ્યૉરિટી' વધારે રહેશે. કારણ કે 'દાદા ભગવાન' એ તો ચોખ્ખા પરમાત્મા જ છે. એમની કીર્તનભક્તિથી તો કલ્યાણ થાય જ, પણ આમાં તમે મને જેટલો ચોખ્ખો રાખશો એટલો લોકોને લાભ થશે.

અને હું સો ટકાની ગેરેન્ટી સાથે કહું છું, કે આ ચૌદ લોકનો નાથ પ્રગટ થયેલો છે. એ દાદા ભગવાનનું અમથું નામ દેશો તોય કલ્યાણ થશે.

### 'અહીં' છે ચોખ્ખા ભગવાન

લોકો ચોખ્ખા પરમાત્માને ભજે ને, તો લોકોનું કલ્યાણ થાય. નહીં તો કલ્યાણ કેવી રીતે થાય તે ? ભેળસેળ કરીએ, અંબાલાલ ને એ બધું ભેળસેળ કરીએ, તો શું મજા આવે ? એટલે ભેળસેળ કરવાની જરૂર નથી. આ 'નેટ' (ચોખ્ખા) ભગવાન છે ! તીર્થંકરના વખતમાં હતું તે અત્યારે છે. આ ભગવાનમાં હું જુદો છું એમનાથી. નહીં તો મને જ પચ્ચીસમો તીર્થંકર કહેત. પણ મારે પચ્ચીસમા તીર્થંકર કહેવડાવીને શું કામ છે ? આપણે જે છીએ એ બહુ છે ! આપણને તો એમની જોડે બેસવાનું મળે, રાત-દહાડો સૂવાનું મળે, ત્યાર પછી શું જોઈએ ?

### પ્રત્યક્ષ મહાવીર જેટલું જ ફળ

આપને સમજાયું ને, આ કોના આપણે 'જય જયકાર' બોલાવીએ છીએ ? જે ખરેખર, રિયલી ભગવાન છે, તેનું આ બોલાવીએ છીએ. આ રૂપકોની વાત નથી, આ દેહધારીની વાત નથી. આ ખરેખર જે અમૂર્ત એવા ભગવાન છે, તેની જ વાત છે. આ તો શબ્દથી નવાજે છે એટલું જ ! ત્યાં શબ્દેય પહોંચતો નથી, પણ આપણી વાતને એનું ફળ એક્ઝેક્ટલી મળી જાય !

મહાવીર ભગવાન બેઠા હોય, અને આપણે બધા બોલીએ કે મહાવીર ભગવાનના અસીમ જય જયકાર હો, તો એ ભગવાનની કીર્તનભક્તિ કરીએ છીએ. એટલે આ બોલવાથી એ પોતે જે રૂપ છે તે રૂપ કરે ! ત્યારે અહીં ક્યાં મહાવીર છે ? પણ એવા જ મહાવીરને મેં જોયા, દાદા ભગવાન ! એ જ વીતરાગ, સંપૂર્ણ વીતરાગ, ત્રણસો સાંઈઠ ડિગ્રીના વીતરાગ ! અને તેમના જય જયકાર હું પણ બોલું છું ને તમને પણ બોલવાનું કહું છું. પેલા દેહ સાથે ભગવાન હતા. અને આ દેહ જુદો છે, મંદિર જુદું છે અને સાહેબ જુદા ! પણ ફળ તેનું તે જ છે, રૂબરૂ ભગવાન મળેલા હોય એના જેટલું જ ફળ છે આ !

### દાદા કીર્તને રંગાય, તે દાદા થઈ જાય

આ પુસ્તક-આપ્તવાણી બહાર પડશે તો લોક વાંચશે અને જાણશે કે આ દાદો કંઈક અજાયબ છે ! એમ દાદાનું નામ લેશે, તે એમની કીર્તનભક્તિ થાય. કારણ કે આ જગતમાં કીર્તન કરવા જેવો પુરુષ પાકતો જ નથી. અને જો એમનું કીર્તન કર્યું તો તો કલ્યાણ થઈ ગયું. કીર્તન એટલે તો રંગ લાગે. કીર્તન કરતા કરતા, દાદા દાદા કરતા, દાદા થઈ જાય.

### મૂળ પુરુષની મૌલિક અનન્ય ભક્તિ

આ તો અક્રમ વિજ્ઞાન છે, એટલે 'દાદા'ની અનન્ય ભક્તિ એની મેળે રહે છે. નહીં તો અનન્ય ભક્તિ આ કાળમાં હોય નહીં ને ! અનન્ય ભક્તિ કરવા માટે લાયકાતવાળો માણસ હોતો જ નથી, અને અનન્ય ભક્તિ કરનારોય કોઈ પાક્યો નથી આ કાળમાં. પણ આ તો અક્રમ વિજ્ઞાન છે, એટલે બધાને અનન્ય ભક્તિનો લાભ મળ્યો છે.

એટલે આ 'દાદા'ની બધા ભક્તિ કરે છે એ અનન્ય કરે છે. બાકી કોઈ પણ જગ્યાએ અનન્ય ભક્તિ થયા સિવાય માણસનો છુટકારો નથી. એ

જ, બીજું નહીં, મહીં આવે નહીં બીજા કોઈનુંય. અને આ તો અનન્ય શરણ છે અહીં આગળ, અનન્યની ભક્તિ છે. અહીં મૂળ પુરુષની ભક્તિ છે ! આ તો મૌલિક વસ્તુ છે !

## અનન્ય ભક્તિ હશે તો થશે છુટકારો

આ દુનિયામાં અનન્યપણું જ્યાં સુધી ના આવે, ત્યાં સુધી એ માણસ કશું કમાતો નથી. એટલે આ સમજાય છે તમને, 'અનન્ય' શબ્દ સમજ્યા તમે ?

**પ્રશ્નકર્તા :** સમર્પણ, શરણાગતિ !

**દાદાશ્રી :** સમર્પણ ને શરણાગતિ ને બધું અનન્યપણું. જે દેહના માલિક નથી એની પાસે જો કદી આપણે અનન્યપણું કરીએ, તો બધું આખી દુનિયાનું માનો કે આખું બ્રહ્માંડનું એ મળ્યું, સત્તા મળી ગઈ.

**પ્રશ્નકર્તા :** અનન્યપણું કહ્યું ને આપે, એટલે શું ?

**દાદાશ્રી :** અનન્યપણું જોઈએ. આ વિજ્ઞાન સાંભળ્યું નથી, સૂણ્યું નથી. જગતે જોયુંય નથી આ વિજ્ઞાન. એટલે અનન્યપણું ઉત્પન્ન ના થાય ત્યાં સુધી આપણને પૂરું ફળ મળે નહીં.

આ ઘરમાં સ્ત્રી હોય તે અનન્યપણે, બધે આમ કરે, વિવેક કરે બધેય, પણ અનન્યપણે એટલે કેવું, કે મારા પતિ સિવાય બીજો પતિ નહીં, તો એનું બધું કામ સફળ થાય, નહીં તો સફળ જ કેમ થાય ? એટલે કૃષ્ણ ભગવાન તેથી ગોપીઓને કહે છે ને, 'અનન્ય ભક્તિ જોઈશે.' શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** અનન્ય ભક્તિ જોઈશે.

**દાદાશ્રી :** અનન્ય ભક્તિ એટલે બીજી કોઈ ચીજ એને યાદ ના આવે. ઘરબાર, બૈરાં-છોકરાં-ધણી કશું યાદ જ ના આવે એટલે અનન્યપણું.

**પ્રશ્નકર્તા :** આ જે તમે કહો છો ને, કૃષ્ણે અર્જુનને કીધું, 'સર્વધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ.'

**દાદાશ્રી :** 'બસ, અનન્યમાં આવી જા. તો તારો છુટકારો છે, નહીં તો છુટકારો કેમ થશે ?' કહે છે. છૂટેલો માણસ જો તેં ખોળી કાઢ્યો હોય તો પછી તારો છુટકારો થશે. નરના નારાયણ થયેલા છે પોતે, પછી ત્યાં પૂછવાનું ક્યાં રહ્યું ?

અનન્ય ભક્તિ સિવાય કોઈ દહાડોય સફળ કામ થાય નહીં. હવે આ કોરી સ્લેટોવાળાને તો અનન્ય ભક્તિ છે જ, પણ જે ચિતરેલી સ્લેટવાળા છે તેને ભાંજગડ છે. કોરી સ્લેટવાળાને તો ભાંજગડ જ નથી. ભાઈ, લખ્યું જ ન્હોતું, તો શું હવે ? અને થોડા એકડા ખેંચ્યા હતા તો, ભૂંસી નાખ્યા. એટલે પછી અમે આ ચેતવીએ એને. તેથી કૃષ્ણ ભગવાને લખ્યું છે ને, અનન્ય પ્રેમ.

## અનન્યપણું જ કરાવશે પૂર્ણાહુતિ

**પ્રશ્નકર્તા :** 'જેની આજ્ઞા પાળવી છે, એનું અનન્યપણું થવું જોઈએ' એ સમજાવો.

**દાદાશ્રી :** જેની આજ્ઞા પાળવી છે, તેમાં અનન્ય આવવું જોઈએ. તમારે બીજું કશું કરવાનું નહીં. તમારે તો અનન્યતા કરી કે ચાલ્યું પછી. આ તો પાણી વચ્ચે આટલો પથરાનો ટુકડો પડી રહ્યો છે, તે ખસેડવાની જરૂર છે. બસ, બીજું કશું નહીં. તે પાણી ઝપાટાબંધ વહેવા માંડે.

અનન્યપણું એટલે આપણે એમ મહીં પટંતર પામ્યા હોઈએ, પટંતર કે કંઈક વિશેષતા અનુભવી હોય તો પછી ત્યાં અનન્યપણું કરી નાખવું. અને ના અનુભવી હોય તો ત્યાં અન્યપણું રહેવાનું જ છે. એટલે અનન્યપણું કરે ને, તેની સાથે જ આ પાંદડું ખસેડવાની જરૂર છે.

અને તમારા જેવાને વાર જ ના લાગે. તમારા જેવાને તો એક પાંદડું ખસેડવાની સાથે જ, એક જ દહાડો જો પાંદડું ખસેડી નાખો ને, તમને અનુભવ થઈ જશે.

જેની પર અનન્ય શ્રદ્ધા થાય, તે રૂપ પોતે થાય. પણ અનન્ય શ્રદ્ધા થવી એ બહુ મુશ્કેલ વસ્તુ છે !

## પોતે પોતાની ભક્તિ, ત્યાં આનંદ વર્તે

હવે અહીં આગળ આ જે માર્ગ છે ને, આ અક્રમ વિજ્ઞાન, એ શું કહેવા માગે છે કે પોતપોતાનું સંભાળો. અને દાદા ભગવાનને હું નમસ્કાર કરું છું એ જેટલો વખત બોલો છો, એ તમારા મહીંવાળા દાદાનું જ બોલો છો. આ બધા જગતમાં જે બોલાય ને, તેમાં શું થાય કે મારે તમારું નામ બોલવું પડે. અરે મૂઆ, મારે શા હારુ તમારું નામ દેવું પડે ? આ તો દાદાનું ને એનું એક જ. અહીં આરતી ઉતારો છો, તે તમારા મહીંવાળા દાદાની જ આરતી ઉતારો છો. આ તમને જ સ્પર્શે છે વાત. તે આમ દેખાવમાં લોકોને એમ લાગે કે આ દાદાની ભક્તિ છે. ના, એવું નહીં, દરેક જીવને સ્પર્શે છે. આ વ્યક્ત માર્ગ છે. પોતે પોતાનું વ્યક્ત થઈ રહ્યું છે, નિરંતર વ્યક્ત થઈ રહ્યું છે.

જેને ખબર નથી કે આપણે અહીં પોતે પોતાની કીર્તનભક્તિ કરીએ છીએ, એને તો પછી ખોટ જ જાય ને ! આ જાણ્યા પછી ખોટ ના જવા દો ! અહીં જે ભક્તિ કરે છે, એ મારા માટે, 'એ.એમ.પટેલ' માટે નથી, 'દાદા ભગવાન'ની છે ! અને 'દાદા' તો બધામાં બેઠા છે, મારા એકલામાં બેઠા નથી. એ તમારામાંય બેઠા છે, આ તેમની જ ભક્તિ છે ! આરતી બધું તેમનું જ છે અને તેથી જ અહીં બધાને આનંદ આવે છે.

**પ્રશ્નકર્તા :** તે ઘડીએ બધા આનંદમાં આવી જાય છે, એનું કારણ શું ?

**દાદાશ્રી :** કારણ કે આ 'દાદા' જો દેહધારી રૂપે હોત ને, તો તો મનમાં એમ થાત કે પોતાની જાતનું જ ગા ગા કર્યા કરે છે ! ખરેખર આ એવું નથી ! કૃષ્ણ ભગવાને ગીતામાં આવી રીતે ગાયું છે ! પણ લોકોને સમજાય નહીં ને ! 'તું' જ કૃષ્ણ ભગવાન છે, પણ જ્યાં સુધી સ્વરૂપનું ભાન ના થયું હોય, ત્યાં સુધી શી રીતે સમજ પડે ?

## પ્રત્યક્ષની કીર્તનભક્તિએ, પોતે તે રૂપ થાય

આપણે ત્યાં બધી ક્રિયા પોતે પોતાની જ છે, કોઈને માટે નથી. 'દાદા ભગવાનને નમસ્કાર કરું છું' બોલે છે, 'અસીમ જય જયકાર હો' બોલે છે, તે ઘડીએ મહીં તમારો ઉઘાડ થતો નથી ?

**પ્રશ્નકર્તા :** થાય છે ને !

**દાદાશ્રી :** એનું કારણ કે પોતે પોતાનું છે. બધાનામાં દાદા બેઠેલા છે અને એ જ દાદાની પોતે ભક્તિ કર્યા કરે છે. અને આ પદો બોલે છે તે પોતે પોતાની કીર્તનભક્તિ છે. સમજણ પડે તો કામ કાઢી નાખે એવું છે. એટલા માટે અમે કહે કહે કરીએ છીએ કે આ પોતે પોતાનું જ છે. સાંભળનારોય પોતાનો સત્સંગ કરે છે અને બોલનારોય પોતાનો સત્સંગ કરે છે. બોલો, આમાં પારકા માટે કંઈ જ કરતા નથી આ. આ વિજ્ઞાન એવી જાતનું છે કે કોઈ માણસને પારકા માટે કરવાની જરૂર નથી. એની મેળે પોતે પોતાનું જ કરી રહ્યા છે.

દાદાનું આમાં કશું નથી. પોતપોતાનું દરેકનું છે, પ્રગટ થવાનું. અહીં જે જે કંઈ ક્રિયા હોય, તે 'પોતે' પોતાની જ ક્રિયા કરી રહ્યા છે. 'દાદા ભગવાન' તેય એમનામાં રહ્યા છે એ ભગવાન, તેને જ પ્રગટ કરી રહ્યા છે !

**- જય સચ્ચિદાનંદ**

## ચિત્તશુદ્ધિની દવા

અહીં બેઠા હોય ને પરદેશમાં જોઇ આવે, ઘર-બર બધું જોઇ આવે એ જોઇ આવવાનો, જાણી આવવાનો સ્વભાવ એ ચિત્તનો છે; જ્યારે મનનો સ્વભાવ દેખાડવાનો, પેમ્ફલેટ દેખાડવાનો છે. મન એક પછી એક પેમ્ફલેટ દેખાડે. લોકો તો પાડાને વાંકે પખાલીને ડામ દે છે, કહે છે કે, 'મારું મન ભટકે છે !' મન ક્યારેય આ શરીર છોડીને બહાર ના જઇ શકે, જાય છે તે ચિત્ત છે. લોકો તો મનને ઓળખતા નથી, ચિત્તને ઓળખતા નથી, બુદ્ધિને ઓળખતા નથી ને અહંકારનેય ઓળખતા નથી. અરે ! અંતઃકરણ, અંતઃકરણ એમ ગાય છે, પણ અંતઃકરણને સમજતા નથી. આ અંતઃકરણમાં પહેલો મહીં પ્યાલો ફૂટે પછી જ બહાર પ્યાલો ફૂટે.

આવી રીતે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારની વાત કોઇ શાસ્ત્રોમાંય સમજણ નથી પાડી.

આ ચિત્ત તો અંદરેય ભટકે છે ને બહારેય ભટકે છે. મગજમાં શું બને છે એ ચિત્ત જોઇ આવે છે.

અમારી વાણી તો કોઇ કાળે સાંભળી ના હોય તેવી ગજબની અપૂર્વ છે. આ વાણી સાંભળી સાંભળીને મહીં ધારણ કરે અને ધારણ કરીને એના એ જ શબ્દો પોતે બોલે અને ધારણ રહે એ ટાઇમમાં ચિત્તની ગજબની એકાગ્રતા થયા કરે છે ! શુદ્ધ ચિત્ત તો શુદ્ધ જ છે, પણ વ્યવહારિક ચિત્ત છે તે આ ધારણ થવાથી તત્ક્ષણ શુદ્ધ થઇ જાય છે. સિનેમાનાં ગીતો સાંભળવાથી તેટલો ટાઇમ ચિત્ત અશુદ્ધ થયા કરે છે, મૂળથી અશુદ્ધ તો હતું અને તે વધારે અશુદ્ધ થાય ! અને બીજું, કવિનાં પદો ગાતી વખતે તે ધારણ થાય તેટલી ક્ષણ ચિત્ત શુદ્ધ થાય ! વગર સમજ્યે આ નાનો બાબો પણ ધારણ કરીને બોલે, છતાં બહુ કામ કાઢી જાય. ધારણ થયા વગર બોલાય ? ધારણ કરી બોલે તેટલો વખત મહીં પાપ બધાં ધોવાઇ જાય ! બહાર લૂગડાં ધોતાં તો આવડે, પણ મહીંનું શી રીતે ધૂએ ? આ જગતમાં ચિત્ત શુદ્ધિની દવા બહુ ઓછી છે. બહાર ૨૦ વર્ષ સુધી ગાય ને તેમાં જેટલી શુદ્ધિ ના થાય તેટલી શુદ્ધિ આ અહીં અમારી હાજરીમાં એક વખત આ પદ ગાય તેટલામાં ચિત્ત શુદ્ધ થઇ જાય છે ! પોતે બોલે અને પછી ધારણ કરે અને એવું જ ફરી બોલેને તો એનાથી ગજબની ચિત્તશુદ્ધિ થાય !

ધ્યાતા, ધ્યેય ને ધ્યાન એ ત્રણે એકરૂપ થાય ત્યારે પછી જ 'લક્ષ' બેસે. એટલે અહીં અમારી હાજરીમાં તમારે તો ધ્યાન કરવાની જરૂર નહીં. લક્ષ વધારે રહે એ અનુભવ કહેવાય. શુદ્ધાત્માના ધ્યાનમાં રહ્યા તે શુક્લધ્યાન. આપણે શુદ્ધાત્માના ધ્યાનમાં હોઇએ ને 'ફાઇલ' આવે તો એનો 'સમભાવે નિકાલ' કરીએ એ ધર્મધ્યાન. સાધ્ય વસ્તુ પ્રાપ્ત થઇ ગયા પછી સાધનની શી જરૂર ? ધ્યેય પ્રાપ્ત થઇ ગયા પછી ધ્યાતા ને ધ્યાનની શી જરૂર ?

જગતના બધા માર્ગો તે સાધન માર્ગ છે ને આપણો આ સાધ્ય માર્ગ છે ! ધ્યાતા છે નહીં ને ધ્યેય નક્કી કરવા જાય છે ! ધ્યાતા ક્યારે થવાય? જ્યારે જગત વિસ્મૃત થાય ત્યારે ધ્યાતા થવાય. આ તો ધ્યાનમાં બેઠો હોય ને પૂછીએ કે, 'તમે કોણ છો ?' તો એ કહેશે કે, 'હું મેજિસ્ટ્રેટ છું.' તે તેનું ધ્યાન મેજિસ્ટ્રેટમાં છે, તો તે ધ્યાતા ક્યાંથી નક્કી થાય ?

છતાં, પણ જગતના લોકોને જ્યાં સુધી 'જ્ઞાની પુરુષ' ના મળે અને તેમની પાસેથી સ્વરૂપનું ભાન ના થાય ત્યાં સુધી મનની શાંતિ માટે કંઇક સાધનની જરૂર ખરી. કોઇ ગુરુજી હોય, તેમને ભલે આત્મજ્ઞાન ના હોય, પણ ચોખ્ખા હોય, વિષય અને લક્ષ્મીની ભૂખ ના હોય તો એમના ફોટાનું ધ્યાન ભલે કરે, પછી ભલે તેઓ અહંકારી હોય છતાં એમનું ધ્યાન શાંતિ આપશે. આ રીલેટિવ ધ્યાન કહેવાય, સગડી ધ્યાન કહેવાય અને બીજું, રીયલ ધ્યાન 'જ્ઞાની પુરુષ' મળે તો પ્રાપ્ત થાય અને પછી તો પરમેનન્ટ શાંતિ મળી જાય. આ રીલેટિવ ધ્યાનમાં જે શાંતિ મેળવો છો, તે તો સાસુ બોલે કે 'તમારામાં અક્કલ નથી' તો તે ધ્યાન તૂટી જાય ને ઉપાધિ ઊભી થઇ જાય ! સગડી ધ્યાન કામ ના આપે. 'જ્ઞાની પુરુષ' શું કરે ? કે કાયમની સમાધિ રહે એવું નિર્લેપ જ્ઞાન આપે. જ્ઞાની મળે તો શું કરવાનું ? ક્રિયાકાંડ એ કશુંય નહીં કરવાના, માત્ર આજ્ઞા એ ધર્મ ને આજ્ઞા એ જ તપ !

નાભિપ્રદેશમાં આત્મા ખુલ્લો છે. અમે આવરણ તોડી આપીએ ત્યારે ભગવાન દેખાય. નાભિપ્રદેશના શુદ્ધ ભગવાન પ્રગટ થઇ જાય તો પોતે નિર્લેપ થઇ જાય છે. જેમ પીપળાને લાખ વળગે તેમ આત્માને કર્મ વળગ્યાં છે, તેથી પ્રકાશ દેખાતો નથી. પાંચ બાખાં છે તેનાથી પણ સાચું દેખાતું નથી. ઈન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન સાચું હોય નહીં. જ્ઞાનીઓ અતીન્દ્રિય સુખ-શાશ્વતસુખમાં હોય. આત્માને જગાડવા તો 'જ્ઞાની પુરુષ' જ જોઈએ, એમાં બીજાનું કામ નહીં.

**- પરમ પૂજ્ય દાદાશ્રીની જ્ઞાનવાણીમાંથી સંકલિત**

---

## પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર

**ભારત**
- **'દૂરદર્શન ગિરનાર'** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૩૦, રાત્રે ૯ થી ૧૦
- **'પ્રવેગ ટીવી' ચેનલ** પર દરરોજ બપોરે ૩-૩૦ થી ૪ **(નવો કાર્યક્રમ)**
- **'ધર્મ સંદેશ' ચેનલ** પર દરરોજ સવારે ૨-૫૦ થી ૩-૫૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯
- **'વાલમ'** પર દરરોજ સાંજે ૬ થી ૬-૩૦ (ફક્ત ગુજરાત રાજ્યમાં)
- **'સાધના ગોલ્ડ ગુજરાતી'** પર દરરોજ સવારે ૭ થી ૮, રાત્રે ૮ થી ૯
- **'साधना'** पर हर रोज़ सुबह 7-50 से 8-15 तथा रात 9-30 से 9-55 (हिन्दी में)
- **'आस्था हिन्दी'** पर हर रोज़ रात 10 से 10-20
- **'दूरदर्शन सह्याद्रि'** पर हर रोज़ सुबह 7 से 7-45, सोम से शुक्र दोपहर 3-30 से 4 तथा शनि-रवि दोपहर 11-30 से 12 (मराठी में)
- **'दूरदर्शन उत्तरप्रदेश'** पर हर रोज़ दोपहर 3 से 4 (हिन्दी में)
- **'आस्था कन्नड़ा'** पर हर रोज़ दोपहर 12 से 12-30 तथा शाम 4-30 से 5 (कन्नड़ा में)
- **'दूरदर्शन चंदना'** पर हर रोज़ शाम 6-30 से 7

**USA -Canada** ➢ **'TV Asia' -** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST

**UK** ➢ **'MA TV'** પર દરરોજ સાંજે ૫-૩૦ થી ૬-૩૦ GMT

**Australia** ➢ **'Rishtey'** पर हर रोज़ सुबह 8 से 8-30 तथा दोपहर 1-30 से 2 (हिन्दी में)

**Fiji-NZ-Sing.-SA-UAE** ➢ **Rishtey-Asia'** पर हर रोज़ सुबह 6 से 6-30 तथा 7-30 से 8 (हिन्दी में)

**USA-UK-Africa-Aus.** ➢ **'આસ્થા ગ્લોબલ'** પર સોમથી શુક્ર રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ડિશ ટીવી ચેનલ UK-૮૪૯, USA-૭૧૯) (ગુજરાતી અને હિન્દીમાં)

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના આગામી સત્સંગ કાર્યક્રમો

### અડાલજ - દાદાનગર

**૧૨ નવેમ્બર** રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ - **દિવાળી** નિમિત્તે વિશેષ ભક્તિ

**૧૪ નવેમ્બર** સવારે ૮ થી ૯-૩૦ - **નૂતન વર્ષ** નિમિત્તે મંદિરમાં પૂજન-અન્નકુટ-આરતી

(પૂજ્યશ્રીના દર્શનના કાર્યક્રમની વિગત **'AKonnect'** પર જણાવવામાં આવશે.)

**૨૩ થી ૩૦ ડિસેમ્બર - પારાયણ - વાંચન અને પ્રશ્નોત્તરી** (આપ્તવાણી ૧૪ ભાગ - ૩)

**નોંધ : આપ્તવાણી ૧૪ ભાગ - ૩ પેજ નં. ૩૪૪થી વાંચન, દેશના-તીર્થંકરને સંપૂર્ણ...** હેડિંગથી.

**૩૧ ડિસેમ્બર** - **શ્રી સીમંધર સ્વામીની નાની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા**

**૨ જાન્યુઆરી - પરમ પૂજ્ય દાદાશ્રીની પુણ્યતિથિ નિમિત્તે વિશેષ કાર્યક્રમ**

### અમરેલીમાં પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૬મો જન્મજયંતી મહોત્સવ

| | | |
|---|---|---|
| **૨૨ નવેમ્બર** (બુધ) | સાંજે ૭ વાગ્યાથી | - **ઉદ્‌ઘાટન સમારંભ (સાંસ્કૃતિક કાર્યક્રમ)** |
| | સાંજે ૮-૩૦ થી ૧૦ | - **પૂજ્યશ્રી સત્સંગ** |
| **૨૩-૨૪ નવેમ્બર** (ગુરુ-શુક્ર) | સવારે ૧૦ થી ૧૨-૩૦ | - **પૂજ્યશ્રી સત્સંગ** |
| | સાંજે ૪-૩૦ થી ૭ | - **પૂજ્યશ્રી સત્સંગ** |
| **૨૫ નવેમ્બર** (શનિ) | સવારે ૧૦ થી ૧૨-૩૦ | - **પૂજ્યશ્રી સત્સંગ** |
| | સાંજે ૩-૩૦ થી ૭ | - **જ્ઞાનવિધિ** |
| **૨૬ નવેમ્બર** (રવિ) | સવારે ૮ થી ૯-૩૦ | - **જન્મજયંતી નિમિત્તે પૂજન-સંદેશો-આરતી** |

(પૂજ્યશ્રીના દર્શનના કાર્યક્રમની વિગત **'AKonnect'** પર જણાવવામાં આવશે.)

**સ્થળ :** ખારાવાડી, લીલીયા રોડ, ત્રિમંદિરની પાસે, અમરેલી. **સંપર્ક :** ૯૫૭૪૩૨૯૧૩૩

### પાટણ

**૯ ડિસેમ્બર** (શનિ) સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ - **પ્રશ્નોત્તરી સત્સંગ**

**૧૦ ડિસેમ્બર** (રવિ) સાંજે ૫ થી ૮-૩૦ - **જ્ઞાનવિધિ**

**૧૧ ડિસેમ્બર** (સોમ) સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ :** પાંજરાપોળ ગ્રાઉન્ડ, ભૈરવ મંદિર રોડ, પાટણ. **સંપર્ક :** ૯૮૨૫૮૭૦૮૦૦

### અમદાવાદ

**૧૫-૧૬ ડિસેમ્બર** (શુક્ર-શનિ) સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ - **પ્રશ્નોત્તરી સત્સંગ**

**૧૭ ડિસેમ્બર** (રવિ) સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** મ્યુનિસિપલ કોર્પોરેશન ગ્રાઉન્ડ, ડી માર્ટની સામે, નિકોલ, અમદાવાદ. **સંપર્ક :** ૯૭૨૩૦૫૫૩૦૬

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮; **ગોધરા :** ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી :** ૯૯૨૪૩૪૧૧૮૮; **સુરેન્દ્રનગર :** ૯૭૩૭૦૪૮૩૨૨; **અમરેલી :** ૯૯૨૪૩૪૪૪૬૦; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭; **અંજાર :** ૯૯૨૪૩૪૬૬૨૨ ; **જામનગર :** ૯૯૨૪૩૪૩૬૮૭ ; **જૂનાગઢ :** ૯૯૨૪૩૪૪૪૮૯; **મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧

**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ (દાદા દર્શન) :** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫; **U.S.A.-Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

## કેન્યા : શિબિર - સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૩૦ સપ્ટેમ્બર થી ૧૦ ઓક્ટોબર ૨૦૨૩




## અડાલજ : DMHT શિબિર : તા. ૧૪ - ૧૫ ઓક્ટોબર ૨૦૨૩



નવેમ્બર ૨૦૨૩
વર્ષ-૨૯, અંક-૩
સળંગ અંક-૩૩૯

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. G-GNR-347/2021-2023
valid up to 31-12-2023
LPWP Licence No. PMG/NG/037/2021-23
Valid up to 31-12-2023
Posted at SRO Gandhinagar
on 1st of every month.

## પ્રત્યક્ષ પરમાત્માની કીર્તનભક્તિ એ શું ફળ ના આપે ?

'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલે ને, તો એ જે દાદા ભગવાન ચૌદ લોકના નાથ છે, જે મહીં પ્રગટ થયેલા છે, તે પ્રત્યક્ષ પરમાત્માની કીર્તનભક્તિ છે. માટે એ એવું ફળ આપે કે ન પૂછો વાત ! એટલે 'દાદા ભગવાન'ની કીર્તનભક્તિ એ મોટામાં મોટી ભક્તિ છે. અનંત અવતારથી જે હૃદયમાં ઘા પડ્યા છે, એ ઘા રૂઝવવાનો કોઈ રસ્તો જ નથી. આ એક જ વાક્ય એવું છે કે ઘા રૂઝાય. 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલ્યા કે મહીં હૃદયમાં પડેલા ઘા રૂઝાયા કરે બધા. કોઈ (અવળું) બોલે તો ઘા પથરા જેવો લાગે કે ના લાગે ? માટે આ બધા ઘા રૂઝાશે ત્યારે મોક્ષ થશે, એમ ને એમ મોક્ષ ના થાય. 'આ' (કીર્તનભક્તિ) બોલ બોલ કરશો ને, તો બધા ઘા રૂઝાઈ જશે.

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા મલ્ટીપ્રિન્ટ, એચ બી કાપડીયા ન્યુ સ્કૂલની સામે છત્રાલ-પ્રતાપપુરા રોડ, મુ. છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.